## બોર્ડ બેઠક નં.૨૫૬ તા.૧૩/૦૬/૨૦૨૩ મંગળવાર ના રોજ સાંજના ૪-૦૦ કલાક

### સ્થળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના કમિટિ રૂમમાં -:



| અ નં. | વિષય | ઠરાવ નં . | પાન નં . |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૦/૦૩/૨૦૨૩ ની ૨૫૪ તથા તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫ મી ખાસ બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત. | ૨૮૫૧ | ૩-૧૦ |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત . | ૨૮૫૨ | ૧૧-૧૮ |
| ૩ | મોજે અટલાદરા તાતા૧૪/૯૧ .વડોદરા વ.કે.નં..૨૮થી સંપાદન થયેલ સ૧૨/૧૯૯૪ /.નં૪૮ .,૧૧ પૈકી, ૧૪ માંથી સચો ૦૦-૮૬-૦૦પૈકીની ૪૮નં. ..મીવાળી જમીન . લેન્ડ ડેવલોપમેન્ટ સ્કીમના હેતુ માટે વળતરની રકમ રૂ૩૧.,૫૭,૯૨૦-/ કોર્ટમાં જમા કરાવવા નાણાકીય જોગવાઈ બાબત.. | ૨૮૫૩ | ૧૯ |
| ૪ | વુડા સત્તામંડળના આઉટસોર્સીંગ કર્મચારીઓના નવા ફીક્સ માનદ વેતનમાં સુધારો કરવા બાબત. | ૨૮૫૪ | ૨૦ |
| ૫ | પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ/આવનાર આવાસોના વેરા બીલ ભરવા બાબત. | ૨૮૫૫ | ૨૧-૨૨ |
| ૬ | વુડા વિસ્તારમાં પ્રગતિ હેઠળના વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો પેટે ઈજારદારશ્રીને સરકારશ્રીના ઠરાવ મુજબ GST માં થયેલ વધારાની રકમનું ચુકવણું કરવા બાબત | ૨૮૫૬ | ૨૩ |
| ૭ | વુડા ઓફિસમાં મરામત અને નવીનીકરણને લગતી કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવા બાબત. | ૨૮૫૭ | ૨૪ |
| ૮ | ખાનપુર-અંકોડીયા ટી.પી. સ્કીમ નં. ૦૨ માં અને પૂર્વ વિસ્તારની ટી.પી. સ્કીમ નં.૨૫માં કુલ ૦૨ (બે) ૩૦ મીટર પહોળાઈવાળા સ્લેબ કલવર્ટ બનાવવાની કામગીરી બાબત. | ૨૮૫૮ | ૨૫ |
| ૯ | મોજે ઉંડેરા તળાવથી લક્ષ્મીપુરા તળાવ સુધી પસાર થતી કાંચી કાંસને આર.સી.સી. ની પાકી કાંસ બનાવવાની કામગીરી રદ કરવા બાબત. | ૨૮૫૯ | ૨૬ |
| ૧૦ | મોજે ભાયલી ગામના તળાવથી ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ના બળિયાદેવ મંદિર સુધી આર.સી.સી કાંસ બનાવવાની કામગીરી બાબત. | ૨૮૬૦ | ૨૭ |
| ૧૧ | વુડા ધ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો તથા અન્ય સીવીલ કામો કરવા માટેના અંદાજોને તાંત્રીક મંજુરી આપવા બાબત. | ૨૮૬૧ | ૨૮-૨૯ |
| ૧૨ | મોજે ખટંબા ગામ પાસે MPS બનાવી કપુરાઈ સ્થિત વી.એમ.સી ના 60 MLD STP સુધી પ્રેસર મેઈન લાઈન નાખવાની કામગીરીમાં થનાર વધારાની કામગીરી બાબત. | ૨૮૬૨ | ૩૦-૩૧ |
| ૧૩ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો માટે થનાર ખર્ચને, ઈજારદારશ્રી,પી.એમ.સી તથા ટી.પી.આઈ ને બહાલી આપવા બાબત. | ૨૮૬૩ | ૩૨-૩૪ |
| ૧૪ | મોજે પુર્વ વિસ્તારમાં ટેકનોલોજી પાર્ક નોર્ડ ટી.પી.સ્કીમ નં. ૨૫ ના રસ્તાઓમાં હનુમાનપુરા, ખટંબા, બાપોદ, અણખોલ તથા આ વિસ્તારના રસ્તાઓને મુખ્યમાર્ગ સાથે જોડતા ડી.પી. રસ્તામાં કાર્પેટ રોડ બનાવવાના કામ માટે વધારાની કામગીરી બાબત. | ૨૮૬૪ | ૩૫-૩૬ |
| ૧૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૨૬-એ(સુંદરપુરા-ધનિયાવી) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ૨૮૬૫ | ૩૭ |
| ૧૬ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૨૬-બી(વોરાગામડી) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ૨૮૬૬ | ૩૮ |
| ૧૭ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગરરચનાયોજનાનં.૨૬/સી (ચિખોદ્રા, અલ્લાદપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ૨૮૬૭ | ૩૯ |
| ૧૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત નગરરચના યોજના નં. ૨૮/ડી(બાકરોલ, જેસંગપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ૨૮૬૮ | ૪૦ |
| ૧૯ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯-એ (કુમેઠા,મોરલીપુરા) ને બે ભાગમાં વિભાજીત કરી સૂચિત નગર રચના યોજના નં. ૨૯-એ (કુમેઠા) તેમજ સૂચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા-મોરલીપુરા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | ૨૮૬૯ | ૪૧ |
| ૨૦ | મોજે કુમેઠા ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ડી (કુમેઠા) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | ૨૮૭૦ | ૪૨ |
| ૨૧ | મોજે મુજારગામડી ગામના વિસ્તારમાં સૂચિત નગર રચના યોજના નં. ૩૦ (મુજારગામડી) બનાવવા માટે તેની હદ નક્કી કરી અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત | ૨૮૭૧ | ૪૩-૪૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | મોજે ચાપડ અને તલસટ ગામોના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧(ચાપડ-તલસટ) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (તલસટ)બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | ૨૮૭૨ | ૪૫ |
| ૨૩ | અંતિમ નગર રચના યોજના નં.૧ (ખાનપુર-સેવાસી) માં બ્લોકનં.૧૭, ઓ.પી.નં.૧૬, અંતિમ ખંડ નં.૧૫, બ્લોકનં.૧૨, ઓ.પી.નં.૧૧, અંતિમ ખંડ નં.૧૧, સ્થાનિક વાણિજય હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૧૨ તથા SEWSHના હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૦૯, ૧૧૦ અન્વયે વેરીએશન કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવા બાબત. | ૨૮૭૩ | ૪૬-૪૮ |
| ૨૪ | વુડા વિસ્તારમાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા જરૂરીયાત અન્વયે સી.જી.ડી.સી.આર ના વિનિયમ ૪.૭ જોગવાઇ મુજબ કમિટીની રચના કરવા બાબત. | ૨૮૭૪ | ૪૯-૫૦ |
| ૨૫ | અધ્યક્ષ સ્થાનેથી ...<br>વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના બાબત | ૨૮૭૫ | ૫૧ |

**જે.એસ.પ્રજાપતિ, IAS**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

## બોર્ડ બેઠક નં.૨૫૬

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૩/૦૬/૨૦૨૩ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકે મળેલ**

**૨૫૬ મી બેઠકની કાર્યવાહી નોંધ**

---

**બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (3) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | સભ્ય-વ સચિવશ્રી |
| (૪) | પ્રાદેશિક કમિશ્નરશ્રી,<br>નગર પાલિકાઓ, વડોદરા | સભ્યશ્રી |
| (૫) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૬) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | સભ્યશ્રી |

**આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૦૧ થી ૨૪ અને અધ્યક્ષ સ્થાનેથી મુદ્દા નં.-૧ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.**

**મુદ્દા નંબર : (૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૦/૦૩/૨૦૨૩ ની ૨૫૪ તથા તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫ મી ખાસ બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૦/૦૩/૨૦૨૩ ની ૨૫૪ મી બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૨૦ ના ઠરાવ ક્રમાંક ૨૮૩૧ થી ૨૮૫૦ અત્રેના પત્ર નં. યુડીએ/એડીએમ/મીટીંગ/૩૧૮/૨૩ તા.૦૩/૦૫/૨૦૨૩ તથા તા.૧૮/૪/૨૦૨૩ ની ખાસ બોર્ડ બેઠક નં.- ૨૫૫ ના મુદ્દા નં. ૧ થી ૭ ના ઠરાવ ક્રમાંક ૨૮૨૪ થી ૨૮૩૦ અત્રેના પત્ર નં. યુડીએ/એડીએમ/મીટીંગ/૨૫૧/૨૩ તા.૧૯/૦૪/૨૦૨૩ સુધીના લેવાયેલ નિર્ણયોના બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી કોઇ સલાહ સુચન મળેલ ના હોય સર્વાનુમતે બહાલી આપી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.**

**ઠરાવા ક્રમાંક (૨૮૫૧): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૦/૦૩/૨૦૨૩ ની ૨૫૪ અને ખાસ બોર્ડ બેઠક નં.- ૨૫૫ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૦/૦૩/૨૦૨૩ ની ૨૫૪ મી બેઠકમાં થયેલ ઠરાવ પરત્વે બહાલી માટેની નોધ

| મુદ્દા નંબર | વિષય | બેઠકમાં થયેલ ઠરાવની વિગત |
|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૩૧) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ની ૨૫૩ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૩૨): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. |
| ૩ | મોજે. અટલાદરા તા.વડોદરા વ.કે.નં. ૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ થી સંપાદન થયેલ સ.નં. ૪૮,૧૧ પૈકી, ૧૪ પૈકી માંથી સ.નં. ૪૮ નું જ.કા.કલમ – ૨૮/એ હેઠળ વધુ વળતરની રક્મ રૂ!.૧૮,૨૨,૯૫૯/- ની નાણાંકીય જોગવાઇ કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૩૩ ): વળતર કેસ નં.૧૪/૯૧ એવોર્ડ તા.૨૮/૧૨/૯૪થી સંપાદન સર્વે નં.૪૮ ક્ષેત્રફળ ૮૬૦૦ ચો.મી. ની જમીનના માલિક મેલાભાઈ લલ્લુભાઈ મૈયતના વારસોનાઓએ જ.સં.ધારાની કલમ-૨૮/એ હેઠળ વધુ વળતર માટે માંગણી કરેલ છે. જે કામે કલમ-૨૮/એ હેઠળ નો ડ્રાફ્ટ મંજૂર કરવા તા.૩૧/૧૦/૨૦૨૨ સુધીનું વળતર ગણતરી પત્રક રૂ.૧૮,૨૨,૯૫૯/- ( અંકે રૂ. અઢાર લાખ બાવીસ હજાર નવસો ઓગણ સાઇઠ પુરા ) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, કોઠી બીલ્ડીંગ, વડોદરાએ ફંડની માંગણી કરેલ છે. આ જમીનની કિંમત અંગે વુડા સત્તામંડળની લેન્ડ પ્રાઇઝ કમીટીના અભિપ્રાય સહ આગામી બોર્ડ બેઠકમાં રજુ કરવા અને સદર પ્રકરણ / ફાઇલ પ્રવર નગર નિયોજકશ્રી, વુડાને મોકલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. |
| ૪ | વુડા સત્તામંડળના આઉટસોર્સિંગ કર્મચારીઓના ફિક્સ માનદ વેતનમાં વધારો કરવા બાબત. | ઠરાવ ક્રમાંક: (૨૮૩૪ ): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) ની કચેરીમાં તેમજ કુબેરભવન ખાતે પ્રવર નગર નિયોજકશ્રીની કચેરીમાં આઉટ સોર્સીંગ એજન્સી મારફત કર્મચારીઓ પુરા પાડવામાં આવે છે. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની બોર્ડ બેઠક-૨૭૭ તા.૦૫/૦૭/૨૦૧૯ થી આઉટસોર્સીંગ કર્મચારીઓના માનદ વેતનમાં વધારો થયેલ છે અને તે મુજબ વેતન ચુકવવામાં આવે છે. જે ધ્યાને લઇ ઔડા મુજબ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં આઉટસોર્સીંગ કર્મચારીઓના ફીકસ માનદ વેતન નક્કી કરવામાં આવે છે અને વધુમાં, ઔડામાં અર્બન પ્લાનરને રૂ.૩૮૦૯૦/- અને રૂ. ૪૧૦૮૮/- ચુકવવામાં આવે છે. આ બંનેમાંથી સૌથી ઓછુ હોય તે મુજબ વુડાએ ચુકવવાનુ રહેશે તેમજ, ઔડામાં GIS ઓપરેટરનુ વેતન રૂ.૧૯૯૫૦/-, GUDA માં રૂ.૧૯૫૦૦/-, વુડામાં રૂ.૨૦૦૦૦/- છે. આ ત્રણ પૈકી વુડાના હાલના વેતન મુજબ ચુકવવાનુ રહેશે. તે મુજબના પગાર ધોરણે ઓનલાઇન ટેન્ડર પ્રક્રિયા કરવા ઠરાવવામાં આવ્યુ તથા આ અંગેની કરવાની થતી કાર્યવાહી કરવા તમામ સત્તાઓ મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ. |
| ૫ | વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના સને ૨૦૨૧-૨૨ ના વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૩૫): સત્તામંડળના સને ૨૦૨૧-૨૨ ના વાર્ષિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. |
| ૬ | સત્તામંડળનું સને ૨૦૨૨-૨૩ ના નાણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૩-૨૪ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત | ઠરાવ ક્રમાંક (૨૮૩૬): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્ર બોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવેલ. આ વડોદરા શહેરી વિકાસ સતામડળના નાણાકીય વર્ષ-૨૦૨૨-૨૩ ના સૂધારેલ અંદાજપત્ર અને નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ના અંદાજપત્ર ને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ. |

| | | |
|---|---|---|
| ૭ | વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના | ઠરાવ ક્રમાંક (૨૮૩૭) : વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત GWSSB આધારિત પીવાનું પાણી પુરૂ પાડવાની O & M તેમજ રીપેરીંગની કામગીરી માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડર તેમજ ટેન્ડર પરત્વે આજદિન સુધી કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી. વધુમાં શહેરી વિકાસ સત્તામંડળ ના બંધારણ મુજબ વુડા O & M ની કામગીરી કરી શકે તેમ ન હોઈ, આથી પાણી અને ડ્રેનેજ માટે કરવામાં આવેલ/કરવામાં આવનાર O & M ને લગત તમામ પ્રકારની કામગીરી જે તે ગ્રામ પંચાયત દ્વારા કરવાની રહેશે તથા તે અંગે વુડા કચેરી દ્વારા મીટીગનું આયોજન કરી O & M ની કામગીરી માટે (૧) ગ્રામ પંચાયતના સરપંચશ્રી, (૨) ગ્રામ પંચાયતના તલાટીશ્રી અને (૩) સોસાયટીઓના પ્રમુખશ્રી મળી કુલ ૩ સભ્યોની કમિટી બનાવી,જે તે સોસાયટીઓમાં પાણી પૂરૂં પાડવાની, પાણી તથા ડ્રેનેજનો વેરો વસુલાત કરવાની, GWSSBમાં પાણી ચાર્જ જમા કરાવવાની, લાઈન રીપેરીંગ તેમજ અન્ય કામગીરી કરાવવાની રહેશે. તથા સદર કામગીરીમાં દેખરેખ માટે (૧) મુખ્ય કારોબારી અધિકારી, વુડા (૨) પ્રમુખશ્રી જીલ્લા પંચાયત,વડોદરા (૩)અધિક્ષક ઈજનેરશ્રી, GWSSB (૪) વુડાના વિસ્તારને લગત ધારાસભ્યશ્રી મળી કુલ ચાર સભ્યોની મોનીટરીંગ કમિટી બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. |
| ૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં પૂર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવાના પ્રોજેક્ટ અંતર્ગત ૬0% રકમ જલ જીવન મિશન હેઠળ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને હવાલે મૂકવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૩૮) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં પૂર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવાના પ્રોજેક્ટ અંતર્ગત ૬0% રાજ્ય ફાળાની રકમ જલ જીવન મિશન હેઠળ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને હવાલે મુકવા અંગે મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. |
| ૯ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં આવેલ નગર રચના યોજનાઓના રસ્તાઓના મેન્ટેનન્સની કામગીરી માટે વહીવટી મંજુરી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૩૯) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમોમાં મરામત નિભાવણીની સમયમર્યાદા પુર્ણ થયેલ હોવાથી તેમાં જરૂરી જંગલ કટીંગ, સાઈડ સોલ્ડર રીપેરીંગ તથા પેચવર્કની કામગીરી માટે સેવાસી-ખાનપુર ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨ અને નિમેટા ટી.પી.સ્કીમ નં. ૧ માં બનાવવામાં આવેલ કાર્પેટ રોડના ને ૦૨ વર્ષના સમયમર્યાદા માટે પી.એમ.સી. ને કામગીરી સોંપી અંદાજપત્રક તૈયાર કરાવી કરવાના થતા ખર્ચની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. |
| ૧૦ | વુડાની ટી.પી.સ્કીમોમાં બાગ-બગીચા, વૃક્ષારોપણ માટે સંપ્રાપ્ત થયેલ પ્લોટોમાં ચેઈનલીંક ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ અને ગેટ બનાવવાની કામગીરી બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૦ ) : વુડાની ટી.પી.સ્કીમોમાં બાગ-બગીચા, વૃક્ષારોપણ માટે સંપ્રાપ્ત થયેલ પ્લોટોમાં ચેઈનલીંક ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ અને ગેટ બનાવવાની કામગીરી કરવા એસ્ટીમેટ બનાવી ટેન્ડર બહાર પાડી થનાર ખર્ચને તથા આ ઉપરાંત ટ્રાન્સપોર્ટ નગર વાળા વુડાની માલિકીના પ્લોટોમાં પણ પી.એમ.સી ની નિમણૂંક કરી અંદાજ તૈયાર કરી ચેઈનલીંક ફેન્સીંગવાળી કમ્પાઉન્ડ વોલ તથા વુડાની માલિકીના નામ વાળું બોર્ડ અને ગેટ બનાવવાની કામગીરીને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. |
| ૧૧ | વુડા ભવન બિલ્ડીંગમાં આવેલ બે નંગ લીફ્ટ પૈકી લીફ્ટ નં (૦૨) માટે નવી લીફ્ટની કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૧) : વુડા ભવન બિલ્ડીંગમાં આવેલ બે નંગ લીફ્ટ પૈકી લીફ્ટ નં (૦૨) માટે નવી લીફ્ટની કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવામાં આવી તથા વુડા ભવન બિલ્ડીંગના હાલ કોમન એકાઉન્ટમાં ફંડ ન હોવાથી તમામ ખર્ચ વુડા કચેરી ધ્વારા કરવા તથા કામગીરી પુર્ણ થયા બાદ વરાડે પડતી રકમ દરેક ફ્લોરના ડાયરેકટરશ્રી/માલીકો પાસેથી વસુલાત કરવાનું ઠરાવવામાં આવ્યું. તથા તે અંગે અત્રેની કચેરીમાં એમપેનલ્ડ પી.એમ.સી એજન્સી પૈકી પી.એમ.સી ની નિમણૂંક કરી અંદાજ તૈયાર કરવાની તથા તે અંગે આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. |

| | | |
|---|---|---|
| ૧૨ | વુડા વિસ્તારના દશરથ, કરચીયા અને બાજવા ખાતે ડ્રેનેજ લાઈન, પમ્પીંગ સ્ટેશન અને એસ.ટી.પી. બનાવવાની કામગીરી બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૨ ) : વુડા વિસ્તારના દશરથ, કરચીયા અને બાજવા ખાતે ડ્રેનેજ લાઈન, પમ્પીંગ સ્ટેશન અને એસ.ટી.પી. બનાવવાની કામગીરીમાં પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટશ્રી દ્વારા તૈયાર કરેલ અંદાજ મુજબ રૂ. ૩૮.૦૦ કરોડ (અંકે રૂપિયા આડત્રીસ કરોડ પુરા) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ, વડોદરા દ્વારા વુડા ખાતે જમા કરાવ્યા બાદ આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. |
| ૧૩ | વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૩): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી)બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૧૪ | વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-બી (વોરાગામડી) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૪ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-બી (વોરાગામડી)બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૧૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત નગર રચના યોજના નં.૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૫ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૧૬ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત નગર રચના યોજના નં. ૨૮/ડી (બાકરોલ, જેસંગપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૬ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/ડી (બાકરોલ,જેસંગપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૧૭ | મોજે. વડોદરા કસ્બા રે.સ.નં.૭૦૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૬૫૨ ચો.મી. જમીન નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૭) : મોજે. વડોદરા કસ્બા રે.સ.નં.૭૦૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૬૫૨ ચો.મી. જમીન નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવા બાબતે બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણના અંતે સવાલવાળી જમીનને નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવા ઝોન ફેર કરવા સંબંધે કાયદાની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૧૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટમુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૮): મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી) બાબતે સરકારશ્રીના સુધારા અર્થે પરત કરતી વેળાના તા.૨૫/૦૫/૨૦૨૨ ના નોટીફિકેશનના અનુસંધાને અંદાજીત ૨૦૦ થી ૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઇ.એલ.આર.શ્રીનું નિમતાણું મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવાની કરવાની થતી સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા વિભાજીત સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓની આયોજનની સમય મર્યાદા નક્કી કરી આગામી બોર્ડ સમક્ષ રજુ કરવા |

| | | |
|---|---|---|
| | | સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૧૯ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૪૯) : મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) (વેમાલી-દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા) બાબતે સરકારશ્રીના તા.૦૫/૧૧/૨૦૨૨ ના પત્રના અનુસંધાને ફિઝીકલ બેરીયર ધ્યાને રાખી અંદાજીત ૨૦૦ થી ૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઇ.એલ.આર.શ્રીનું નિમતાણું મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવાની કરવાની થતી સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા વિભાજીત સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓની આયોજનની સમય મર્યાદા નક્કી કરી આગામી બોર્ડ સમક્ષ રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૨૦ | અધ્યક્ષ સ્થાનેથી..૧<br>વુડા વિસ્તારમાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા જરૂરીયાત અન્વયે .જી.ડી.સી.આર ના વિનિયમ ૪.૭ જોગવાઇ મુજબ કમિટીની રચના કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૫૦): અમલી સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના વિનિયમ ૪.૭ મુજબ ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા ધ્યાને રાખતા રચવાની થતી કમીટી અન્વયે ચર્ચા વિચારણાના અંતે કોષ્ટક – B માં દર્શાવ્યા મુજબના સભ્યો તેમજ સદર કમિટીના (અનુ.નં.૪) સ્ટક્ચરલ એક્ષપર્ટ તરીકેના સભ્ય તરીકે ડો. વિનુભાઈ આર. પટેલની નિમણુંક કરવા તથા SVNIT ની રજુઆત પરત્વે થર્ડ પાર્ટી રીવ્યુઅર તરીકે SVNITની નિમણુંક કરીએ તેમજ અન્ય યુનિર્વસીટીનો પણ સંપર્ક સાધી સંમતી મેળવી; તેઓને પણ થર્ડ પાર્ટી રીવ્યુઅર તરીકે એમપેનલ કરી કમિટી બનાવવાનું તથા એમપેનલો પૈકી અરજદારશ્રી દ્વારા કોઇપણ એક યુનિર્વસીટીને થર્ડ પાર્ટી રીવ્યુઅર તરીકે પસંદ કરવાના રહેશે અને તે પરત્વે ચુકવવાની થતી ફી અરજદારશ્રી/ડેવલોપર્સ પાસે વસુલવાનું ઠરાવવામાં આવ્યું તથા એમપેનલ કરવા અંગેની સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫ મી બેઠકમાં થયેલ ઠરાવ પરત્વે બહાલી માટેની નોંધ

| મુદ્દા નંબર | વિષય | બેઠકમાં થયેલ ઠરાવની વિગત |
|---|---|---|
| ૧ | મોજે ખટંબા, પવલેપુર, શંકરપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૮-એ (ખટંબા, પવલેપુર, શંકરપુરા) અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૨૪) : મોજે ખટંબા, પવલેપુર, શંકરપુરા ખાતે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૮-એ (ખટંબા, પવલેપુર, શંકરપુરા) નો મુસદ્દો ગેઝેટમાં તા.૨૪/૦૧/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-એ ના કુલ ૧૩૩ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૩૫૨ રજુઆતો પૈકી કુલ-૫૬ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૨૫૬ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ. તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ મોજે: ખટંબાના ગામતળને લાગુ પૂર્વ દિશા તરફના બ્લોકનં.૨૬૧ થી બ્લોક નં.૨૫૩ વિગેરેમાંથી પસાર થતો ૧૨.૦૦ મીટરનો ડી.પી. રસ્તો તેમજ મોજે: શંકરપુરાના બ્લોક નં.૩, ૧૨, ૯, ૧૦ વિગેરે પસાર થતો ૧૮.૦૦ મી. ડી.પી.રસ્તો રદ કરી રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨ | મોજે અણખોલ, હનુમાનપુરા અને શ્રીપોરટિંબી ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૮/બી (અણખોલ-હનુમાનપુરા-શ્રીપોરટિંબી) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત | ઠરાવ ક્રમાંક (૨૮૨૫) : મોજે અણખોલ, હનુમાનપુરા અને શ્રીપોરટીંબી ખાતે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/બી (અણખોલ-હનુમાનપુરા-શ્રીપોરટીંબી) નો મુસદ્દો ગેઝેટમાં તા.૨૪/૦૧/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૮/બી ના કુલ ૧૦૪ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૧૩૯ રજુઆતો પૈકી કુલ-૬૬ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૭૩ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ. તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ૭૫.૦૦ મીટરના ડી.પી. રસ્તાની અલાઇનમેન્ટમાં ફેરફાર કરી રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| 3 | મોજે સયાજીપુરા, સિકંદરપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૮/સી (સયાજીપુરા-સિકંદરપુરા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં | ઠરાવ ક્રમાંક (૨૮૨૬) : મોજે સયાજીપુરા, સિકંદરપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૮/સી (સયાજીપુરા-સિકંદરપુરા) નો મુસદ્દો ગેઝેટમાં તા.૨૪/૦૧/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/સી ના કુલ ૮૫ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની |

| | | |
|---|---|---|
| | મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | કુલ-૧૩૫ રજુઆતો પૈકી કુલ-૬૧ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૭૪ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ. તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ મોજે. સિકંદરપુરાના જુના રે.સ.નં.૫૪, ૫૬, ૫૭, ૫૦, ૪૯ વિગેરેમાંથી પસાર થતા ૧૮.૦૦ મીટરના ડી.પી.રસ્તાની અલાઇનમેન્ટમાં તેમજ મોજે. સયાજીપુરાના જુના રે.સ.નં.૧૪ માંથી પસાર થતા ૧૮.૦૦ મીટરના ડી.પી.રસ્તાની અલાઇનમેન્ટમાં ફેરફાર કરી રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૪ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટમુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૨૭) : ઉકત મુદ્દાના ચર્ચા વિચારણાના અંતે; મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી) બાબતે સરકારશ્રીના સુધારા અર્થે પરત કરતી વેળાના તા.૨૫/૦૫/૨૦૨૨ ના નોટીફિકેશનના અનુસંધાને અંદાજીત ૨૦૦ થી ૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઇ.એલ.આર.શ્રીનું નિમતાણું મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવાની કરવાની થતી સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૫ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૨૮) : ઉકત મુદ્દાના ચર્ચા વિચારણાના અંતે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) (વેમાલી-દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા)બાબતે સરકારશ્રીના તા.૦૫/૧૧/૨૦૨૨ ના પત્રના અનુસંધાને ફિઝીકલ બેરીયર ધ્યાને રાખી અંદાજીત ૨૦૦ થી ૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઇ.એલ.આર.શ્રીનું નિમતાણું મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવાની કરવાની થતી સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૬ | મુસદ્દારૂપ નગર રચના યોજનાઓમા નાના ક્ષેત્રફળ ધરાવતી જમીનોમાં કપાતનું ધોરણ નક્કી કરવા બાબત . | ઠરાવ ક્રમાંક (૨૮૨૯) : ઉકત મુદ્દા પરત્વે બોર્ડના સર્વ સભ્યો દ્વારા વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે વુડા દ્વારા હવે પછી તૈયાર કરવામાં આવનાર તમામ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તથા હાલમાં પ્રગતિ હેઠળની મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ નં.૨૮/એ (ખટંબા, શંકરપુરા, પવલેપુર), ૨૮/બી (અણખોલ, હનુમાનપુરા, શ્રીપોરટીંબી), તથા ૨૮/સી (સયાજીપુરા, સિકંદરપુરા) માં સમાવિષ્ટ થતી જમીનોમાં કુદરતી રીતે નાના ક્ષેત્રફળ ધરાવતી જમીનો અંગે ઉકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ક્ષેત્રફળને આધારે કપાતનું ધોરણ અપનાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |

| | | |
|---|---|---|
| ૭ | અધ્યક્ષ સ્થાનેથી..<br>વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના. | ઠરાવ ક્રમાંક (૨૮૩૦) : વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત GWSSB આધારિત પીવાનું પાણી પુરૂ પાડવાની O & M તેમજ રીપેરીંગની કામગીરી માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડર તેમજ ટેન્ડર પરત્વે આજદિન સુધી કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી. વધુમાં શહેરી વિકાસ સત્તામંડળ ના બંધારણ મુજબ વુડા O & M ની કામગીરી કરી શકે તેમ ન હોઈ, આથી પાણી અને ડ્રેનેજ માટે કરવામાં આવેલ/કરવામાં આવનાર O & M ને લગત તમામ પ્રકારની કામગીરી જે તે ગ્રામ પંચાયત દ્વારા કરવાની રહેશે તથા તે અંગે વુડા કચેરી દ્વારા મીટીગનું આયોજન કરી O & M ની કામગીરી માટે (૧) ગ્રામ પંચાયતના સરપંચશ્રી, (૨) ગ્રામ પંચાયતના તલાટીશ્રી અને (3) સોસાયટીઓના પ્રમુખશ્રી મળી કુલ ૩ સભ્યોની કમિટી બનાવી,જે તે સોસાયટીઓમાં પાણી પૂરૂં પાડવાની, પાણી તથા ડ્રેનેજનો વેરો વસુલાત કરવાની, GWSSBમાં પાણી ચાર્જ જમા કરાવવાની, લાઈન રીપેરીંગ તેમજ અન્ય કામગીરી કરાવવાની રહેશે. તથા સદર કામગીરીમાં દેખરેખ માટે (૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા (૨) અધિક્ષક ઈજનેરશ્રી GWSSB, વડોદરા (3) માન. ધારાસભ્યશ્રી (૪)પ્રમુખશ્રી જીલ્લા પંચાયત,વડોદરા મળી કુલ ચાર સભ્યોની મોનીટરીંગ કમિટી બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. |

**મુદા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૧૩ ના ઠરાવ ક્રમાંક ૨૮૧૧ થી ૨૮૨૩ સુધીના લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ છે જેમના અમલીકરણ અંગે થયેલ કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવેલ તથા તે પરત્વે તમામ સભ્યશ્રીઓની સર્વસંમતિથી બહાલી આપી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.**

**ઠરાવ ક્રમાંક (૨૮૫૨) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

## બોર્ડ બેઠક -૨૫૩ તા.૧૨/૦૭/૨૦૨૨ ની બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.

| મુદ્દા નં. | વિષય | બેઠકમા થયેલ ઠરાવની વિગત | થયેલ ઠરાવ અંગે કરેલ અમલીકરણની વિગત |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક:(૨૮૧૧) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. | બોર્ડ બેઠક નં.-૨૫૩ તા.૧૨/૭/૨૨ માં બહાલી મળતા અત્રેના પત્ર નં, યુડીએ/એડીએમ/૯૭૨/૨૨ તા.૧૬/૭/૨૨ થી તમામ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે. |
| ૨ | મુદ્દા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત. | ઠરાવ ક્રમાંક:(૨૮૧૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. | બોર્ડ બેઠક નં.-૨૫૩ તા.૧૨/૭/૨૨ માં અમલીકરણને બહાલી મળતા અત્રેના પત્ર નં, યુડીએ/એડીએમ/૯૭૨/૨૨ તા.૧૬/૭/૨૨ થી તમામ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે. |
| ૩ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના હદ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ઘન-કચરાના નિકાલ માટેની કામગીરી કરવા બાબત | ઠરાવ ક્રમાંક:(૨૮૧૩):ઉપરોકત વિગતવર થયેલ ચર્ચા મુજબ નીચે મુજબની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યુ.<br>(૧) જામ્બુઆ ખાતે ડમ્પીંગ તેમજ પ્રોસેસીંગ માટે વડોદરા મહાનગરપાલિકાની સંમતી મેળવવાની રહશે.<br>(૨) ઘન-કચરાના કલેકશન અને પરિવહન માટે થનાર ખર્ચની સરકારશ્રીના ઠરાવ મુજબ ગ્રાન્ટ સ્વચ્છ ભારત મિશન/નિર્મળ ગુજરાતની ગ્રાન્ટ માથી મેળવવા માટેની દરખાસ્ત તથા લેગસી વેસ્ટ માટે વન ટાઈમ પરિવહન માટેની ગ્રાન્ટની દરખાસ્ત પણ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરા દ્વારા કરવાની રહેશે.<br>(૩) વુડા વિસ્તારમાં આવતા ૮૧ ગામોમાંથી ભેગો થયેલ ઘન-કચરાને ઉપાડવાનું તથા પરિવહન કરવાનું ટેન્ડર બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું.<br>(૪) સરકારશ્રી માંથી ગ્રાન્ટ મળ્યેથી તથા વડોદરા મહાનગરપાલિકાની સંમતી મેળવ્યા બાદ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા, તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયતની સંયુકત સહીથી વર્ક ઓર્ડર આપવાનો રહશે.<br>(૫) જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી વડોદરા દ્વારા વડોદરા મહાનગરપાલિકાની પ્રોસેસીંગ સાઈટ પર GPS અને RFID સિસ્ટમનું મોનીટરીંગ, પ્રોસેસીંગ સાઈટ પર આવેલ વે બ્રીજ ની વજન પાવતીને | થયેલ ઠરાવ પરત્વે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. માન. જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી વ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરાના તા. ૧૦/૦૮/૨૦૨૨ ના પત્રથી ટેન્ડર રદ કરવા હુકમ કરેલ હતો તથા અત્રેની કચેરીના માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રીની તા. ૧૨/૦૮/૨૦૨૨ ની નોંધ થી સદર ટેન્ડર રદ કરવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | | પ્રમાણિત કર્યા બાદ ચુકવણા અર્થે ચેરમેનશ્રી, DRDA મારફતે વુડા કચેરીમાં રજુ કરવાનું રહશે તથા ૮૧ ગ્રામ પંચાયતોમાં ઘન-કચરા બાબતે જન જાગૃતિની ઝુંબેશની કાર્યવાહી કરવાની રહશે.<br>તેમજ ઉક્ત વિગતે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. | |
| ૪ | પ્રધાનમંત્રી આવાસ યોજનાની ખટંબા ખાતેની એક અને સેવાસી ખાતેની બે આવાસ યોજનાના **MGVCL** માં ભરપાઈ કરેલ લાઈટ બીલના ખર્ચને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક:(૨૮૧૪): પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ખટંબા ખાતેની એક અને સેવાસી ખાતેની બે આવાસ યોજના મળી ૦૩ (ત્રણ) આવાસ યોજનાઓમાં સોંપણી થયેલ ન હોય તે તથા એસોસિયેશનની રચના થાય તે સમયગાળા સુધીના જેતે આવાસો, દુકાનો તથા ટાવર વાઈઝ કોમન મીટર અને યોજના વાઈઝ કોમન મીટરના લાઈટ બીલના નાણાં હાલમાં વુડા દ્વારા ભરવામાં આવે છે. તે માટે કરેલ કાર્યવાહી અને થયેલ/થનાર ખર્ચને મંજુર રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા ભવિષ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના પ્રોજેકટોમાં ભરપાઈ કરવાના થનાર લાઈટ બીલ તથા ઘર વેરોના ખર્ચના ચુકવણાને મંજુરી આપવા તથા આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા એસોસિયેશન બનાવ્યા બાદ તેઓને પરત આપવાના થતા મેઈન્ટેનન્સ ફંડ માંથી કપાત કરવા અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. | થયેલ ઠરાવ પરત્વે એફ.પી. ૧૧૯ (ફેઝ-૨), એફ.પી. ૭૫ તથા ખટંબા બ્લોક નં.૭૨/એ/પૈ. તથા નં.૭૭/પૈ. ખાતે ના ત્રણેય એફ.પી. ના લાભાર્થીઓ દ્વારા એસોસિયેશન બનાવી અત્રે સર્ટીફીકેટ જમા કરાવેલ છે. અત્રે દ્વારા તેઓના મેન્ટેનન્સ ફંડમાંથી રકમ કપાત કરવામાં આવેલ છે. |
| ૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ચાલતા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસોની બાંધકામની કામગીરીના કામો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરીના કામોમાં ભાવ વધારો આપવા બાબત. | ઠરાવ ક્રમાંક:(૨૮૧૫):વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ચાલતા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસોની બાંધકામની કામગીરીના કામો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટના કામો અંતર્ગત રોડ, ડ્રેનેજ, કાંસ, અને પાણીની કામગીરી સાથે સંકળાયેલ ઈજારદારશ્રીઓને છેલ્લા ૦૨ (બે) વર્ષના સમયગાળામાં COVID-19 ની પરિસ્થિતી તેમજ બાંધકામમાં વપરાતા માલસામાનમાં થયેલ અસામાન્ય ભાવ વધારો, મજુરોની અછત અને માલ-સામાનની હેરફેરમાં ગંભીર મુશ્કેલીઓ પડેલ તેમજ કામોમાં વપરાતા સિમેન્ટ અને સ્ટિલના ભાવોમાં છેલ્લા ૦૨ (બે) વર્ષ | થયેલ ઠરાવ પરત્વે અત્રે દ્વારા સ્ટાર રેટ તથા પ્રાઈઝ વેરીએશનનું ચુકવણું કરવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | | દરમ્યાન અકલ્પનિય ભાવ વધારો થવાથી ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નં. પરચ/૧૦૨૦૨૨/૧૪૮/સીતા. ૨૪/03/૨૦૨૨ માં દર્શાવેલ શરતો/નિયમોને આધિન વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના કોન્ટ્રાકટર/ઈજારદારશ્રીઓને રાહત આપવાની મંજુરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. | |
| ૬ | પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસ યોજનાઓમાં મીટર કનેકશનની પ્રોસેસીંગ ફી ભરવા બાબત. | ઠરાવ ક્રમાંક:(૨૮૧૬):પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મોજે ભાયલી ટી.પી.સ્કીમ નં. ૨ ના ફા.પ્લોટ નં. ૧૦૦ અને ૧૦૧, ભાયલી ટી.પી.સ્કીમ નં. ૩ ના ફા.પ્લોટ નં. ૧૧૨ અને ૧૧૪, ભાયલી ટી.પી.સ્કીમ નં. ૪ ના ફા.પ્લોટ નં. ૧૮૦, ખાનપુર – અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨ ના ફા.પ્લોટ નં. ૧૩, ૨૩ અને ૪૯ તથા બીલ ટી.પી.સ્કીમ નં. ૧ ના ફા.પ્લોટ ૩૮ મળી કુલ અલગ-અલગ ૦૯ પ્લોટોમાં આવાસો, દુકાનો તથા કોમન મીટરોના કનેકશન મેળવવા અંગે કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે મંજુર રાખવાનું ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. | થયેલ ઠરાવ પરત્વે અત્રેની કચેરી દ્વારા આવાસ યોજનાના કનેકશનની પ્રોસેસીંગ ફી ભરવામાં આવેલ તથા અત્રે દ્વારા રનીંગ બીલોમાંથી મળેલ મંજુરી મુજબ પ્રોસેસીંગ ફી કપાત કરી વસુલ કરવામાં આવેલ છે. |
| ૭ | વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ એફ.પી.નં. ૧૨૨ ખાતે EWS-II ના ૪૪૮ આવાસો, ૧૩ દુકાનોના બાંધકામના કામમાં થયેલ વધારાની કામગીરીના ખર્ચને મંજુરી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક:(૨૮૧૭) : વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ એફ.પી.નં. ૧૨૨ ખાતે EWS-II ના ૪૪૮ આવાસો, ૧૩ દુકાનોના બાંધકામના કામમાં વધારીની કામગીરી માટે R & B ના નવા SOR 2021-22 મુજબ રૂ. ૧,૪૨,000/- અલગથી ઈજારદારશ્રીને ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. | થયેલ ઠરાવ પરત્વે એજન્સી દ્વારા કામગીરી પુર્ણ કરેલ છે તથા તેઓને સદર બીલનું ચુકવણું પણ કરવામાં આવેલ છે. |
| ૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની હદ માં પૂર્વ વિસ્તારમાં આવેલા ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાના અંગેના પ્રોજેક્ટના ટેન્ડરના નિર્ણય બાબત | ઠરાવ ક્રમાંક:(૨૮૧૮) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની હદ માં પૂર્વ વિસ્તારમાં આવેલા ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાના અંગેના પ્રોજેક્ટ માટે નીચે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.<br>(૧) વુડની તા. ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ યોજાયેલી ૨૫૧મી બોર્ડ બેઠકમાં સદર | થયેલ ઠરાવ પરત્વે ટેન્ડર પ્રક્રિયાની કામગીરી પુર્ણ કરી ઈજારદારશ્રી નક્કી કરેલ છે તથા ઈજારદારશ્રી દ્વારા સાઈટ પર ટેન્ડર મુજબની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

| | | | |
|---|---|---|---|
| | | પ્રોજેકટ માટે GWSSB ધ્વારા આપવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત વુડા ધ્વારા કરવામાં આવનાર અંદાજીત ખર્ચને સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ હતી. કુલ ૨૦૬.૫૦ કરોડ પૈકી O & M સિવાયના ૨૦૩.૭૭ કરોડના પ્રોજેક્ટને GWSSB ગાંધીનગરની બોર્ડ બેઠકમાં તા. ૧૩/૦૫/૨૦૨૨ ના રોજ વહીવટી મંજુરી મળેલ છે તથા યોજના પેટે ૬૦% રકમ વુડા ધ્વારા જલ જીવન મિશનની મેચિંગ ગ્રાન્ટ તરીકે ભોગવવા માટે ઠરાવેલ છે. આમ ઉપરોક્ત વિગતે સદર પ્રોજેક્ટના ૨૦૩.૭૭ કરોડના ૬૦% પેટે અંદાજીત રૂ. ૧૨૩ કરોડ રકમ વુડા ધ્વારા ભોગવવાની રહેશે.<br>(૨) ટેન્ડરમાં નીચે મુજબ ની શરતો ઉમેરવાની રહશે.<br>• આર.ઓ.યુ માટે ની તમામ કામગીરી ઈજારદારશ્રી ધ્વારા કરવાની રહેશે.<br>• માર્ગ અને મકાન વિભાગની જમીનમાં રોડને સમાંતર પાઈપ લાઈન નાખવા માટે વુડા ધ્વારા પરવાનગી માંગેલ છે. જેની મંજુરી આવ્યા બાદ ઈજારદારશ્રી ધ્વારા કામગીરી કરવાની રહેશે.<br>• **WTP** માટે હાલમાં વુડા પાસે ૨૪,૩૮૫.૦૦ ચો.મી. જમીન ઉપલબ્ધ છે. બાકીની ૫૦,૬૧૫.૦૦ ચો.મી. જમીન અંદાજીત ડીસેમ્બર ૨૦૨૪ માં સરકારશ્રી માંથી ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ મંજુર થયા બાદ મળશે. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ક્લીયર વોટર સંપ, પંપ હાઉસ અને પાણી ની ટાંકીઓની ગોઠવણ હયાત પ્લોટમાં કરવાની રહેશે.<br><br>• વુડા ધ્વારા **SSNNL** માં ઓફટેક માટેના પ્લોટની ફાળવણી માટે, કેનાલ ની સમાંતર પાઈપલાઈન નાખવા માટે તથા પાઈપલાઈન ના રૂટમાં આવતા ક્રોસિંગ માટે ની પ્રોસેસીંગ ફી ભરવામાં આવેલ છે. તથા પરવાનગી માટેની આગળ ની પ્રક્રિયા **SSNNL** માં પ્રગતિ હેઠળ છે. જેની મંજુરી આવ્યા બાદ ઈજારદારશ્રી ધ્વારા કામગીરી કરવાની રહેશે.<br>(૩) ટેન્ડરની સમયમર્યાદા ૩૬ માસ (ચોમાસા સિવાય) રહેશે.<br>(૪) કુલ ૨૦૬.૫૦ કરોડ ના પ્રોજેક્ટ પૈકી ૫ વર્ષ ના **O & M** માટે વુડા ધ્વારા | |

| | | | |
|---|---|---|---|
| | | થનાર ૨.૭૩ કરોડના ખર્ચને મંજુર રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. તેમજ ઉક્ત વિગત અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. | |
| ૯ | મોજે આમોદર ખાતે સુચિત નગર રચના યોજના નં.૦૧ આમોદર ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | ઠરાવ ક્રમાંક:(૨૮૧૯) મોજે આમોદર ખાતે સુચિત નગર રચના યોજના નં.૦૧ નો મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા.૦૨-૦૫-૨૦૨૨ થી એક માસની સમય મર્યાદામાં સુચિત નગર રચના યોજના નં.૦૧ માં કુલ–૧૩૪ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની કુલ-૩૩૨ રજુઆતો પૈકી કુલ-૨૨૧ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની ૧૧૧ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ, સદર યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ ૭૫મી. તથા ૨૪.મી. ના બે ડી.પી.રોડના રસ્તા રેષાઓમાં સૂચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા મોજે. આમોદર રે.સ.નં.૭૬ થી રે.સ.નં.૩૬૧/ડ સુધીના ૧૨.૦ મી. પહોળાઇના ડી.પી.રસ્તાને રદ કરવા તેમજ રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા તેમજ સદર ફેરફારના કારણે લાગુ ગામ મોજે:- પવલેપુરમાં ૭૫મી. તથા ૨૪મી. ના બે સુચિત રસ્તારેષામાં ફેરફાર કરવાના થાય છે જે પણ કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ, યોજનાના મુસદ્દામાં ઉક્ત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા વિકાસ યોજનાના રસ્તાઓના ફેરફાર પરત્વે અધિનિયમની કલમ ૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. | સદર મુસદ્દારૂપ નગર રચના યોજના સરકારશ્રીની મંજુરી અર્થે અત્રેથી તા.૨૧/૭/૨૨ ના રોજ સાદર કરવામા આવેલ છે જે તા.૨૧/૧૨/૨૨ ના રોજ સરકારશ્રી દ્વારા કલમ-૪૮ હેઠળ મંજુર કરવામાં આવેલ છે. |
| ૧૦ | મોજે રતનપુર ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૬-ડી રતનપુર ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ | ઠરાવ ક્રમાંક:(૨૮૨૦) : મોજેરતનપુર ખાતે સુચિત નગર રચના યોજનાનં ૨૬/ડી (રતનપુર) નો મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા. ૦૨/૫/૨૦૨૨ થી એક માસની સમય મર્યાદામાં સૂચિત નગર રચના યોજનાનં ૨૬/ડી માં કુલ ૪૮ વાંધા અરજીઓ | સદર મુસદ્દારૂપ નગર રચના યોજના સરકારશ્રીની મંજુરી અર્થે અત્રેથી તા.૨૧/૭/૨૨ ના રોજ સાદર કરવામા આવેલ છે જે તા.૨૧/૧૨/૨૨ ના રોજ સરકારશ્રી દ્વારા કલમ-૪૮ હેઠળ |

| | | | |
|---|---|---|---|
| | સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની વિવિધ કુલ ૬૧ રજુઆત પૈકી કુલ – ૨૫ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા અને બાકીની ૩૬ રજૂઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ ડી.પી રોડના રસ્તાની રેષાઓમાં સૂચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું, વધુમાં લાગુ મોજે જોબનટેકરીમાં તથા મોજે કપુરાઈમાં ૧૮ મીટર તથા ૧૨ મીટરના રોડની રસ્તારેષામાં થતાં ફેરફારની અસર ને પણ કલમ ૧૯ હેઠળ ફેરફાર અને રસ્તા પૈકીની જમીનોને લાગુ ઝોનમાં સ્થીત કરવા ઠરાવવામાં આવેલું છે. આમ યોજનામાં મુસદ્દામાં ઉક્ત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રી માં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા વિકાસ યોજનાના રસ્તાઓના ફેરફાર પરત્વે અધિનિયમની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા જે અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. | મંજુર કરવામાં આવેલ છે. |
| ૧૧ | મોજે આમલીયારા ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૯/બી (આમલીયારા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | ઠરાવ ક્રમાંક:(૨૮૨૧) : મોજેઆમલીયારા ખાતે સુચિત નગર રચના યોજનાનં ૨૯/બી (આમલીયારા) નો મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા. ૦૨/૫/૨૦૨૨ થી એક માસની સમય મર્યાદામાં સૂચિત નગર રચના યોજનાનં ૨૯/બી માં કુલ ૬૧ વાંધા અરજીઓ સત્તામંડળને મળેલ. તમામ અરજીઓમાં ઉલ્લેખેલ મુળખંડ અને અંતિમખંડ માટે કુલ ૯૪ રજુઆત આવેલ. જે પૈકી કુલ – ૪૦ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા અને બાકીની ૫૪ રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ. સદર યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ૭૫મી. તથા ૧૮મી.ના ડી.પી રોડના રસ્તા રેષાઓમાં સૂચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા તેમજ સદર ફેરફારના કારણે પશ્ચિમે | સદર મુસદ્દારૂપ નગર રચના યોજના સરકારશ્રીની મંજુરી અર્થે અત્રેથી તા.૨૧/૭/૨૨ ના રોજ સાદર કરવામા આવેલ છે જે તા.૨૧/૧૨/૨૨ ના રોજ સરકારશ્રી દ્વારા કલમ-૪૮ હેઠળ મંજુર કરવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | | લાગુ ગામ મોજે:- સુખલીપુરામાં ૭૫મી. તથા ૧૮મી. અને પૂર્વે લાગુ મોજે:- કુમેઠામાં પણ ૭૫મી. સુચિત રસ્તા રેષામાં ફેરફાર કરવાના થાય છે જે પણ કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ, યોજનાના મુસદ્દામાં ઉક્ત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રી માં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા વિકાસ યોજનાના રસ્તાઓના ફેરફાર પરત્વે અધિનિયમની ક્લમ ૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. | |
| ૧૨ | <u>અધ્યક્ષ સ્થાનેથી</u><br>મોજે વડદલા તા. વડોદરા માંથી પસાર થતા ૭૫.૦૦ મીટરના રીંગ રોડની એલાઈનમેન્ટમાં કાયદાની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં ફેરફાર કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક:(૨૮૨૨)</u>: મોજે. વડદલા માંથી પસાર થતા ૭૫.૦૦ મીટરના રોડની પથરેખા (એલાઈનમેન્ટ) માં કાયદાની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા તથા ફેરફારની દરખાસ્ત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલવાની રજુઆત બોર્ડના સર્વ સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ છે. તથા આ અંગેની ઘટીત કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવા બહાલી આપવામાં આવેલ છે. | સરકારશ્રીને કલમ-૧૯ હેઠળ દરખાસ્ત પાઠવવા સારૂ મંજુરી જારીમાં છે. |
| ૧૩ | <u>અધ્યક્ષ સ્થાનેથી</u><br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ અને સરકારશ્રીમાં મંજૂરી સારૂ સાદર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪/એ (અંકોડીયા-ખાનપુર-મહાપુરા- સેવાસી) ની હદમાં સમાવિષ્ટ થતાં મોજે ખાનપુરના બ્લોક/રે.સ.નં.૪૪ અને ૬૯ની જમીન માલિક/ડેવલપર દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પે.સીવીલ. એપ્લી નં.૧૧૧૩૯ ઓફ ૨૦૨૧માં થયેલ **LPA:871/2022** તથા તે પરત્વે અત્રેથી દાખલ કરેલ **CA** માં વકીલની નિમણુંક કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક:(૨૮૨૩)</u> દાવા પ્રકરણ SCA:11139/2021 પરત્વે થયેલ LPA:871/2022 તથા CA માં વુડા તરફથી રજુઆત કરવા સિનિયર એડવોકેટશ્રી પ્રશાંત દેસાઇની નિમણુંક કરવા તથા તેઓ દ્વારા જણાવ્યા મુજબ ફી પેટે ૫૦૦૦૦/- +૧૦% કર્લાકેજ ચુકવવા બોર્ડના સર્વે સભ્યો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે. | એડવોકેટશ્રી પ્રશાંત દેસાઇની નિમણુંક કરી તેઓનુ ચુકવણુ પણ કરવામાં આવેલ છે. ત્યાર બાદ સદર કેસ માટે અત્રેથી એડવોકેટશ્રી મિહિર જોષીની નિમણુંક કરવામાં આવેલ છે. |

**મુદા નંબર : (3) મોજે. અટલાદરા તા.વડોદરા વ.કે.નં. ૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ થી સંપાદન થયેલ સ.નં. ૪૮,૧૧ પૈકી, ૧૪ માંથી સ.નં. ૪૮ પૈકીની ૦૦-૮૬-૦૦ ચો.મી. વાળી જમીન લેન્ડ ડેવલોપમેન્ટ સ્કીમના હેતુ માટે સંપાદન કરવામાં આવ્વેલ જે અંગે વધુ વળતરની રક્મ રૂ.૩૧,૫૭,૯૨૦/- ની નાણાંકીય જોગવાઇ કોર્ટમાં જમા કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ તરફથી મોજે .અટલાદરા તા.વડોદરા વ.કે.નં .૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ સ.નં.૪૮ હે.૦-૮૬-૦૦, સ.નં.૧૧પૈકી હે.૦-૩૪-૪૦ અને સ.નં .૧૪ પૈકી હે.૦-૩૮-૪૫ મળી કુલ હે.૧-૫૮-૮૫ ની જમીનો લેન્ડ ડેવલોપમેન્ટની સ્કીમ માટે વળતરથી સંપાદન કરવામાં આવેલ છે . જેમાંથી સ.નં.૪૮ પૈકીની ૦-૮૬-૦૦ ચો.મી વાળી જમીન માલિક શ્રી મેલાભાઈ લલ્લુભાઈ ચૌહાણ વિગેરેએ નામદાર વડોદરાના પ્રિન્સિપલ સિનિયર સીવીલ જજની કોર્ટમાં લેન્ડ રેફરન્સ દાવા નંબર ૬૨૬/૧૯૯૬ દાખલ કરેલ જેનો ચુકાદો તા.૦૩/૦૩/૨૦૨૩ આવેલ છે. આ ચુકાદા મુજબ રકમ રૂ.૩૧,૫૭,૯૨૦/- (અંકે રૂપિયા એકત્રીસ લાખ સત્તાવન હજાર નવસો વીસ પુરા) કોર્ટમાં જમા કરાવવાના થાય છે. આ રકમ જમા કરવા અંગે મુ.કા.અધિ.શ્રી. વુડાએ આગામી બોર્ડ બેઠકની મંજુરી/બહાલી મેળવવાની શરતે જમા કરાવવાની મંજુરી આપેલ છે. કોર્ટના હુકમ મુજબ રૂ.૩૧,૫૭,૯૨૦/- કોર્ટમાં રકમ જમા કરવા અંગે થયેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી માટે સંમત થતા નીચે મુજબ ઠરાવવામા આવ્યુ.

ઠરાવ ક્રમાંક : (૨૮૫૩)વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ તરફથી લેન્ડ રેફરન્સ દાવા નંબર ૬૨૬/૧૯૯૬ માં કોર્ટના ચુકાદા તા.૦૩/૦૩/૨૦૨૩ મુજબ કોર્ટમા જમા કરાવેલ રકમ રૂ.૩૧,૫૭,૯૨૦/- (અંકે રૂપિયા એકત્રીસ લાખ સત્તાવન હજાર નવસો વીસ પુરા) ને બહાલી આપવામાં આવી.

મુદા નંબર : (૪) વુડા સત્તામંડળના આઉટસોર્સીંગ કર્મચારીઓના નવા ફીક્સ માનદ વેતનમાં સુધારો કરવા બાબત.

વુડા સત્તામંડળના આઉટસોર્સીંગ કર્મચારીઓના ફીક્સ માનદ વેતનમાં ગત બોર્ડ બેઠક નં.૨૫૪ તા.૨૦/03/૨૦૨૩ માં ઠરાવ ક્રમાંક (૨૮૩૪) થી જુદી જુદી જગ્યાના ફીકસ માનદ વેતનમાં વધારો કરવામાં આવેલ છે. જેમા નીચે મુજબ માનદ વેતનમાં ફેરફાર કરવા આગામી બોર્ડ બેઠકમાં મંજુર કરવા તથા મંજુરીની અપેક્ષાએ હાલ બહાર પાડેલ ટેન્ડરમાં સુધારો કરવાની મંજુરી અર્થે બોર્ડના સભ્યશ્રીઓની ચર્ચા વિચારણા કરવા તથા નિર્ણય અર્થે રજુ થતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૮૫૪) : વુડા સત્તામંડળના આઉટસોર્સીંગ કર્મચારીઓના ફીક્સ માનદ વેતનમાં નીચે મુજબ સુધારો કરવા અને તે મુજબના પગાર ધોરણે ઓન લાઇન ટેન્ડર પ્રક્રીયા કરવાની તમામ સત્તાઓ મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

| બોર્ડ બેઠક મુજબ અ.નં. | હોદ્દો | બોર્ડ બેઠક-૨૫૪ ઠરાવ ક્રમાંક-૨૮૩૪ મુજબ મંજુર થયેલ નવુ ફીક્સ માનદ વેતન | ચર્ચા મુજબ સુધારેલ ફીક્સ માનદ વેતન |
|---|---|---|---|
| ૧૦ | સર્વેયર | ૧૯૯૫૦/- | ૩૧૩૪૦/- |
| ૧૩ | અરબન પ્લાનર | ૩૮૦૯૦/- | ૪૧૦૮૮/- |
| ૧૪ | AE | ૩૧૩૪૦/- | ૩૮૦૯૦/- |
| | AAE | ૩૧૩૪૦/- | ૩૧૩૪૦/- |
| ૧૬ | જી.આઇ.એસ. એનાલીસ્ટ | ૩૧૩૪૦/- | ૩૮૦૯૦/- |

મુદ્દા નંબર ( ૫ ) : પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ/આવનાર આવાસોના વેરા બીલ ભરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વર્ષ-૨૦૧૪ થી વર્ષ-૨૦૧૯ સુધી એફોર્ડેબલ હાઉસીંગ મીશન, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ અલગ-અલગ લક્ષ્યાંકો અન્વયે ૨૭ પ્લોટોમાં ઈ.ડબ્લ્યુ.એસ.-૧ અને ઈ.ડબ્લ્યુ.એસ.-૨ પ્રકારના કુલ ૮૩૭૪ આવાસો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અલગ-અલગ પ્લોટોમાં ટેન્ડર પ્રક્રિયા કરી સૌથી ઓછા ભાવ આપનાર અલગ-અલગ ઈજારદારશ્રીઓ દ્વારા આવાસોના બાંધકામની કામગીરી કરવામાં આવી રહેલ છે. ઈજારદારશ્રીઓને વર્ક ઓર્ડર આપતા સમયે ભાયલી, બીલ, વેમાલી અને સેવાસીના વિસ્તાર વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના હદ વિસ્તારમાં સમાવિષ્ટ હતા, ત્યારબાદ સરકારશ્રીના તા. ૧૮/૦૬/૨૦૨૦ ના રોજના જાહેરનામા મુજબ સદર વિસ્તારો વડોદરા મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ છે. આથી કુલ ૨૭ પ્લોટો પૈકી ભાયલી, બીલ, વેમાલી અને સેવાસી ૧૭ પ્લોટો વડોદરા મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અનુ. નં | પ્રગતિ હેઠળ કામની યાદી | સ્થળ | ટી.પી | એફ.પી. | આવાસો | દુકાનો |
|---|---|---|---|---|---|---|
| ૧ | EWS-I | ભાયલી | ૨ | ૧૦૦ | ૩૬૦ | ૨૪ |
| ૨ | EWS-I | ભાયલી | ૨ | ૧૦૧ | ૩૦૬ | ૮ |
| ૩ | EWS-II | બીલ | ૧ | ૩૮ | ૫૩૨ | ૧૦ |
| ૪ | EWS-II | ભાયલી | ૩ | ૧૧૨ | ૩૧૮ | ૪૫ |
| ૫ | EWS-II | ભાયલી | ૩ | ૧૧૪ | ૩૯૨ | ૨૬ |
| ૬ | EWS-II | ભાયલી | ૪ | ૧૮૦ | ૨૭૪ | ૩૬ |
| ૭ | EWS-II | વેમાલી | ૧ | ૧૭૯ | ૧૯૬ | ૩૫ |
| ૮ | EWS-II | ભાયલી | ૧ | ૧૦૮ | ૧૬૮ | ૧૦ |
| ૯ | EWS-II | ભાયલી | ૧ | ૧૨૨ | ૪૪૮ | ૧૩ |
| ૧૦ | EWS-II | ભાયલી | ૨ | ૧૧૬ | ૩૩૬ | ૧૯ |
| ૧૧ | EWS-II | સેવાસી | ૨ | ૧૪૪ | ૧૧૨ | ૧૦ |
| ૧૨ | EWS-II | સેવાસી | ૨ | ૧૪૬ | ૧૧૨ | ૨૩ |
| ૧૩ | EWS-II | સેવાસી | ૨ | ૧૪૭ | ૧૯૬ | ૩૨ |
| ૧૪ | EWS-II | સેવાસી | ૨ | ૧૫૯ | ૨૨૪ | ૨૭ |
| ૧૫ | EWS-II | સેવાસી | ૨ | ૧૬૦ | ૮૪ | ૧૮ |
| ૧૬ | EWS-II | સેવાસી | ૨ | ૧૪૯ | ૧૧૨ | ૧૩ |
| ૧૭ | EWS-II | બીલ | ૧ | ૬૭ | ૭૫૬ | ૦ |

આમ, ઉકત તમામ ૧૭ પ્લોટો માટેની બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ વડોદરા મહાનગરપાલિકામાંથી મેળવવાનું થાય છે. પરંતુ બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ મેળવતા પહેલા ઉકત તમામ દુકાનો અને આવાસોની વડોદરા મહાનગરપાલિકાની લગત વોર્ડની કચેરીમાથી આકારણી કરાવી વેરા બીલ ભરવા જરૂરી છે. વર્ક ઓર્ડર આપતા સમયે સદર વિસ્તાર વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના હદ વિસ્તારમાં સમાવિષ્ટ હતો. પરંતુ વુડા કચેરી દ્વારા બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ/ઓક્યુપન્સી સર્ટીફીકેટ જેતે વપરાશકારને આપતા પહેલા વેરા બીલ ભરપાઈ કરવા અંગેની કોઈ પણ પ્રકારણી જોગવાઈ નથી. આથી કોઈ પણ પ્રકારનો વેરો ઈજારદારશ્રીઓ મારફત ભરપાઈ કરવાની જોગવાઈ ટેન્ડરમાં રાખવામાં આવેલ ન હતી. આથી ઉકત તમામ આવાસ યોજનાઓ માટે બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ મેળવવા વડોદરા મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાનો થતો વેરો અત્રેની કચેરી દ્વારા ભરપાઈ

કરવાનો થાય છે. જે અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૮૫૫) : પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વેરા બીલો ભરવા માટે નીચે મુજબ નિર્ણય થયેલ છે.

**(૧)** પૂર્ણ થયેલ આવાસો માટેવુડા કચેરી દ્વારા વડોદરા મહાનગર પાલિકા દ્વારા રજૂ થયેલ વેરા બીલો ભરવા અંગે મંજૂરી આપવામાં આવી તથા ત્યારબાદના વેરા બીલ જે તે લાભાર્થીઓ દ્વારા ભરપાઈ કરવા માટેની મંજુરી આપવામાં આવેલ છે.

(૨) જયારે પ્રગતી હેઠળના આવાસ યોજના માટે વુડા કચેરી દ્વારા બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ/ઓક્યુપન્સી સર્ટીફીકેટ મળ્યાની તારીખ થી જે તે લાભાર્થીઓને તેઓના આવાસનું પઝેશન શરૂ થયાની તારીખ સુધીનો વેરો વુડા કચેરી દ્વારા ભરપાઈ કરવા તેમજ તથા ત્યારબાદનો વેરો જે તે લાભાર્થી દ્વારા ભરપાઈ કરવા માટેની મંજુરી આપવામાં આવેલ છે.

તેમજ ઉક્ત વિગતે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર. (૬) : વુડા વિસ્તારમાં પ્રગતિ હેઠળના વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો પેટે ઈજારદારશ્રીને સરકારશ્રીના ઠરાવ મુજબ **GST** માં થયેલ વધારાની રકમનું ચુકવણું કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા દ્વારા કરવામાં આવતા કામો જેવા કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસોની બાંધકામની કામગીરી અને ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટના કામો અંતર્ગત રોડ, ડ્રેનેજ, કાંસ, પાણી, તળાવ અને ગાર્ડનની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. વુડામાં હાલમાં પ્રગતિ હેઠળના કામો ટેન્ડર પ્રક્રિયા દ્વારા ઈજારદારશ્રીઓને આપવામાં આવેલ છે. દરેક કામનું ટેન્ડર **GST** સહિતના **(Including GST)** ભાવ સાથે આપવામાં આવેલ છે. ભારત સરકારશ્રીના નાણા વિભાગના તા. ૧૩ જુલાઈ-૨૦૨૨ ના ઠરાવ મુજબ વર્કસ કોન્ટ્રાકટ ઉપર **GST** અગાઉ ૧૨% હોઈ તે વધારીને ૧૮% કરવામાં આવેલ છે. વર્કસ કોન્ટ્રાકટ ઉપર લગાવવામાં આવેલ ૬% વધારો વુડાના હાલમાં પ્રગતિ હેઠળના દરેક કામ ઉપર લાગુ થાય છે. વુડા દ્વારા બહાર પાડવામાં ટેન્ડરની વોલ્યુમ (૧) શરત નં. (૩૪) મુજબ દરેક કામગીરી “**GST** તથા અન્ય લાગુ કર સહિતના ભાવથી કરવામાં આવશે. પરંતુ ટેક્ષ ઓથોરીટી દ્વારા સમયાંતરે ટેક્ષ, સેસમાં વધારો કરવાની સ્થિતીમાં વધારાનો ટેક્ષનું ચુકવણું ઈજારદારશ્રી દ્વારા કરી તેનું રીઈએમ્બર્સમેન્ટ વુડા દ્વારા કરવામાં આવશે.” જે શરત ધ્યાને રાખી વુડાના દરેક કામોના ઈજારદારશ્રીઓ દ્વારા તેઓના કરેલ કામ ઉપર **GST** તફાવતના ૬% લેખે ટેક્ષની ચુકવણી બાદ રીઈએમ્બર્સમેન્ટ કરવા પત્રો પાઠવેલ છે. આથી ઈજારદારશ્રીઓ દ્વારા માંગવામાં આવેલ ૬% **GST** તફાવતની રકમ ચુકવી શકાય કે કેમ તેના યોગ્ય તે અભિપ્રાય આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વે સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૮૫૬) : વુડા વિસ્તારમાં પ્રગતિ હેઠળના વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો પેટે ઈજારદારશ્રીને સરકારશ્રીના તા. ૧૮/૦૭/૨૦૨૨ ના ઠરાવ મુજબજે ઈજારદારશ્રીના ટેન્ડરની શરતમાં વધારો ચૂકવવાનું દર્શાવેલ હોય માત્ર તે જ કામના તા. ૧૮/૦૭/૨૦૨૨ બાદ ચુકવેલ બીલોના GST ભર્યાના ચલણને ધ્યાને લઈ પ્રિ-ઓડીટ કર્યા બાદ ૬% મુજબ (બીલની રકમ માંથી ૧૨% મુજબ GST બાદ કર્યા પછીની રકમ પર) ચુકવવાની મંજુરી આપવામાં આવી તે સિવાયના અન્ય કામ જેમાં ટેન્ડરની શરતમાં GST અંગે ઉલ્લેખ થયેલ ન હોય તે બાબતે વધુ વિચારણા હેતુ એ આગામી બોર્ડ બેઠકમાં સાદર કરવા સુચના આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર. ( ૭ ) : વુડા ઓફિસમાં મરામત અને નવીનીકરણને લગતી કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા “વુડા ભવન” બિલ્ડીંગનું બાંધકામ વર્ષ – ૨૦૦૦ માં કરવામાં આવેલ છે. જેમાં બેઝમેન્ટમાં કોમન પાર્કીંગ, ગ્રાઉન્ડ ફલોર પર વુડા પાર્કીંગ તથા પ્રથમ થી નવ માળનું આયોજન કરવામાં આવેલ છે. સદર બિલ્ડીંગ લગભગ ૨૦ વર્ષ કરતા પણ વધુ જુની છે. જેમાં પ્રથમ માળ, બીજો માળ અને ચોથા માળનો એક રૂમમાં વુડાની ઓફિસ આવેલી છે. જેમાં બીજા માળ ઉપર મુખ્ય કારોબારી અધિકારીશ્રીની તથા ચેરમેનશ્રીની ઓફિસ આવેલી છે. તે ઉપરાંત વુડાની ઓફિસમાં એન્જીનીયરીંગ શાખા, ટેકનીકલ શાખા, હિસાબી શાખા, વહીવટી શાખામાં વિવિધ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ ફરજ બજાવે છે. વુડાની ઓફિસમાં કેટલીક રૂમોમાં કલર નીકળી ગયેલ હોય, ફોલ સિલીંગના પી.ઓ.પી માં તિરાડો પડેલ હોય તથા પ્લાસ્ટર ઉખડી ગયેલ હોય અને વરસાદી ભેજ આવે છે. ઉપરાંત પુરુષોના અને મહિલાઓના ટોયલેટ તથા અધિકારીશ્રીઓના ચેમ્બરમાં આવેલ ટોયલેટનું પણ નવીનીકરણ કરવું જરૂરી જણાય છે. વધુ માં વુડા દ્વારા કરવામાં આવતા વિકાસ અને ડેવલોપમેન્ટ ની કામગીરી માટે અત્રેથી ફરજ બજાવતા અધિકારીશ્રીઓ કર્મચારીશ્રીઓની જગ્યા પહેલા ખાલી હતી. હાલ ટી.પી તથા એન્જીનીયરીંગ વિભાગમાં અધિકારીશ્રીની અને કર્મચારીશ્રીની જગ્યા ૦૧ વર્ષમાં ભરાયેલ છે. જેથી તેમની બેસવાની જગ્યા તથા અત્રેથી કરવામાં આવતી કામગીરીના દસ્તાવેજની જાળવણી અને નિભાવની માટેના જરૂરિયાત મુજબ રેકર્ડ રૂમ બનાવવા અંગે વુડાની વિવિધ શાખાઓ માંથી રજૂઆત આવેલ છે. જે ધ્યાને લઇ વુડા કચેરીની દરેક શાખામાં મરામત અને નવીનીકરણ કરવું જરૂરી જણાય છે. આથી સદર કામગીરી કરવા અંગે અંદાજિત લગભગ રૂ. ૮૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંચ્યાસી લાખ પુરા) જેટલો ખર્ચ થાય તેમ છે. આથી જરૂરિયાત મુજબ તબક્કાવાર વુડા કચેરીની દરેક શાખામાં મરામત અને નવીનીકરણની કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચની મંજુરી મેળવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક ( ૨૮૫૭ ) : વુડા ઓફિસમાં મરામત અને નવીનીકરણને લગતી કામગીરી કરવા અંગે અંદાજિત થનાર ખર્ચ રૂ. ૮૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંચ્યાસી લાખ પુરા) મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું

મુદ્દા નંબર (૮ ) : ખાનપુર-અંકોડીયા ટી.પી. સ્કીમ નં. ૦૨ માં અને પૂર્વ વિસ્તારની ટી.પી. સ્કીમ નં.૨૫માં કુલ ૦૨ (બે) ૩૦ મીટર પહોળાઈવાળા સ્લેબ કલવર્ટ બનાવવાની કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત વુડા વિસ્તારમાં આવેલ ખાનપુર-અંકોડીયા ટી.પી. સ્કીમ નં.-૦૨ માંથી પસાર થતા ૩૦ મીટરના રસ્તા પર સ્લેબ કલવર્ટ બનાવવા માટે વુડા બોર્ડ બેઠક ૨૩૭ ના ઠરાવ ક્રમાંક ૨૫૧૬ ઠરાવથી બ્રીજ/કલવર્ટ બનાવવાની મંજુરી મળેલ હતી. પરંતુ સંજોગોવસાત બ્રીજ/કલવર્ટ કામગીરી થઈ શકેલ નથી. આથી આ કામગીરી કરવા નવેસરથી નવા એસ.ઓ.આર મુજબ તૈયાર કરવામાં આવેલ છે. જેની વિગત નીચે ટેબલમાં જણાવ્યા અનુસારની છે. તદ્દપરાંત વુડાના પૂર્વ  વિસ્તારમાં આવેલ બાપોદ, હનુમાનપુરા, સયાજીપુરા, ખટબા અને અણખોલની ટી.પી. સ્કીમ નં.- ૨૫ માંથી પસાર થતી ડીસ્ટ્રીબ્યુટરી કેનાલને ક્રોસ કરવા માટે વાંરવાર સ્લેબ/કલવર્ટબનાવવા માટે રજૂઆતો મળેલ હોવાથી વુડામાં એમ્પેનલ્ડ થયેલ પી.એમ.સી એજન્સી તરીકે જયેશ.એ.દલાલ, સુરત પાસે સાઈટ સર્વે કરાવી નવીન એસ.ઓ.આર મુજબ ડીપીઆર તેમજ અંદાજપત્ર તૈયાર કરાવેલ છે.વુડામાં પી.એમ.સી મારફત તૈયાર કરાવેલ અંદાજપત્ર મુજબ બન્ને જગ્યા પર સ્લેબ કલવર્ટની કામગીરી કરવા માટે અંદાજીત રૂ. ૩,૯૦,૦૦,૦૦૦/- નો ખર્ચ થાય તેમ છે.

| અનું નં. | કામનું નામ | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ૧. | ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ. નં. ૦૨ ખાતે ૩૦ મીટર પહોળાઈવાળો સ્લેબ કલવર્ટ | રૂ.૧,૯૦,૦૦,૦૦૦/- |
| ૨. | પૂર્વ વિસ્તારની  ટી.પી.સ્કીમ. નં. ૨૫ ખાતે ૩૦ મીટર પહોળાઈવાળો સ્લેબ કલવર્ટ | રૂ.૧,૯૦,૦૦,૦૦૦/- |

ઉપરોક્ત બાબતે ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ. નં. ૦૨ અને પૂર્વ વિસ્તારની ટી.પી.સ્કીમ. નં. ૨૫માં કુલ બે સ્લેબ કલવર્ટ બનાવવાની કામગીરી માટે થનાર અંદાજીત રકમ રૂ. ૩,૮૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ કરોડ એંસી લાખ પુરા)ની કામગીરીની મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૮૫૮) : ખાનપુર-અંકોડીયા ટી.પી. સ્કીમ નં. ૦૨ માં અને પૂર્વ વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૨૫ માં કુલ ૦૨ (બે) ૩૦ મીટર પહોળાઈવાળા સ્લેબ કલવર્ટ બનાવવાની કામગીરી માટે થનાર ખર્ચ રૂ. ૩,૮૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ કરોડ એંસી લાખ પુરા)ને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર (૯ ) મોજે ઉંડેરા તળાવથી લક્ષ્મીપુરા તળાવ સુધી પસાર થતી કાંચી કાંસને આર.સી.સી. ની પાકી કાંસ બનાવવાની કામગીરી રદ કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત મોજે ઉંડેરા તળાવથી લક્ષ્મીપુરા તળાવ સુધી પસાર થતી કાંચી કાંસને આર.સી.સી. ની પાકી કાંસ બનાવવાની કામગીરી માટે તા. ૧૬/૧૦/૨૦૨૦ ના રોજ મે. શિવમ કન્સ્ટ્રકશન કું., વડોદરાને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જેની સમયમર્યાદા વર્ક ઓર્ડર આપતા સમયે ૧૧ માસ મુજબ તા. ૧૫/૦૯/૨૦૨૧ રાખવામાં આવેલ હતી. જે પુર્ણ થયેલ છે. પરંતુ હયાત કાંસમાં વડોદરા મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી ડ્રેનેજ લાઈનનું ગંદુ પાણી બારેમાસ છોડવામાં આવતુ હોવાથી, કામગીરી થઈ શકે તેમ નથી. કાંસમાંથી પસાર થતા ઈલેકટ્રીક પોલ નડતરરૂપ હોવાને કારણે, COVID-19 ની મહામારીને કારણે કામગીરી કરવા માટે ઉપયોગ થનાર શ્રમિકોની અછત, બાંધકામના માલ-સામાનની અછત અને તેમાં થયેલ અસહ્ય ભાવ વધારાને કારણે, વર્ષ-૨૦૨૧-૨૨ માં થયેલ ભારે વરસાદને કારણે તેમજ વર્ક ઓર્ડર આપતા પહેલા કાંસ બનાવવા માટેનો એરિયા વડોદરા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલ હોવાને કારણે પઝેશન મેળવવામાં થનાર તકલીફોને લઈ કામગીરી થઈ શકેલ નથી તથા સદર કામગીરીની સમયમર્યાદા ત્યારબાદ વધારવામાં આવેલ નથી અને વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી ૩૧ માસથી વધુ સમયગાળો વ્યતિત થયેલ હોવા છતા કામગીરી શરૂ થયેલ ન હોવાને કારણે આ કામગીરીના ઈજારદારશ્રી મે. શિવમ કન્સ્ટ્રકશન કું., વડોદરા દ્વારા ઉકત કારણો જણાવી તેઓને સદરહું કામગીરીમાંથી છુટા કરી તેઓ દ્વારા જમા કરાવેલ ઈનિશ્યલ સિક્યુરીટી ડિપોઝીટની રકમ (ISD) પરત કરવા માટે અત્રેની કચેરીમાં રજુઆત કરેલ છે. આમ, ઉકત વિગત ધ્યાને લેતા સદર વિસ્તાર વડોદરા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલ હોય, તેમજ કામગીરી સોપ્યાને પણ ઘણો સમય વ્યતિત થયેલ હોય તથા આ કામગીરી હવે પછી વડોદરા મહાનગરપાલિકા દ્વારા જ કરવાની થાય છે. આમ સદર કામગીરી રદ કરી આ કામગીરીના ઈજારદારશ્રી શિવમ કન્સ્ટ્રકશન કું., વડોદરાને સદર કામગીરીમાંથી છુટા કરવા તેમજ તેઓ દ્વારા જમા કરાવેલ ઈનિશ્યલ સિક્યુરીટી ડિપોઝીટની રકમ (ISD) પરત કરવા અંગેનો મુદ્દો કામગીરીને મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૮૫૯ ) : મોજે ઉંડેરા તળાવથી લક્ષ્મીપુરા તળાવ સુધી પસાર થતી કાંચી કાંસને આર.સી.સી. ની પાકી કાંસ બનાવવાની કામગીરી માંથી ઈજારદારશ્રી મે. શિવમ કન્સ્ટ્રકશન કું., વડોદરાને છુટા કરવા તેમજ તેઓ દ્વારા જમા કરાવેલ ઈનિશ્યલ સિક્યુરીટી ડિપોઝીટની રકમ (ISD) પરત કરવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર :- (૧૦) મોજે ભાયલી ગામના તળાવથી ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ના બળિયાદેવ મંદિર સુધી આર.સી.સી કાંસ બનાવવાની કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત મોજે ભાયલી ગામના તળાવથી લઈ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૦૫ ના બળિયાદેવ મંદિર સુધી આર.સી.સી કાંસ બનાવવાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદારશ્રી મેં.સૌરભ બિલ્ડર્સ, અમદાવાદ દ્વારા સૌથી ઓછી ઓફર ભરવામાં આવેલ હોવાથી તેઓને અત્રેની કચેરી દ્વારા તા. ૧૬/૧૦/૨૦૨૦ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે પરત્વે તેઓ દ્વારા સ્થળ સ્થિતિ મુજબ કામગીરી કરવા માટેની ચાલ હોવા છતાં તેઓ દ્વારા આજદિન સુધી ફક્ત ને ફક્ત અંદાજીત ૨૦% જેટલી જ કામગીરી કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા ઈજારદારશ્રી મેં.સૌરભ બિલ્ડર્સ, અમદાવાદને કામગીરી શરૂ કરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે આખરી નોટિસ સહ કુલ ૦૩ નોટીસ આપેલ છે. પરંતુ ઈજારદારશ્રી દ્વારા ત્રણેય માંથી એકપણ નોટીસનો પ્રતિઉત્તર અત્રેની કચેરીને આપેલ નથી. આથી વરસાદી પાણી યોગ્ય રીતે નિકાલ થાય તે હેતુથી સદર કામગીરી પૂર્ણ કરી જરૂરી જણાય છે. આમ ઈજારદારશ્રી મેં.સૌરભ બિલ્ડર્સ, અમદાવાદને આપેલ ચાલુ ટેન્ડર રદ કરી તેઓને ચાલુ ટેન્ડરમાંથી છુટા કરી, તેઓ દ્વારા કામગીરી સમયસર પૂર્ણ ન કરવા તથા અત્રેની કચેરી દ્વારા પાઠવેલ એકપણ નોટીસનો પ્રતિઉત્તર ન પાઠવવા બદલ ટેન્ડરના નિયમો મુજબ ઈજારદારશ્રી મેં.સૌરભ બિલ્ડર્સ, અમદાવાદ ઉપર ટેન્ડરની શરતો મુજબ કાર્યવાહી કરવા તેમજ બાકી રહેલ કામગીરી પૂર્ણ કરવા આ કામગીરીની હયાત પી.એમ.સી એજન્સી જયેશ.એ.દલાલ, સુરત પાસે સાઈટ સર્વે કરાવી નવીન એસ.ઓ.આર મુજબ ડીપીઆર તેમજ અંદાજપત્ર તૈયાર કરાવી ટેન્ડર બનાવી ઈજારદારશ્રી નક્કી કરી બાકી રહેલ કામગીરી પૂર્ણ કરવાની મંજૂરી અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય માટે વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૬૦ ) :</u> મોજે ભાયલી ગામના તળાવથી ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ના બળિયાદેવ મંદિર સુધી આર.સી.સી કાંસ બનાવવાની કામગીરી માંથી ઈજારદારશ્રી મે. સૌરભ બિલ્ડર્સ, અમદાવાદને છુટા કરી, તેઓ તરફે ટેન્ડરની શરતો મુજબ ટેન્ડરના કલોઝ નં. ૦૩ Default by contractor ના પેરા નં. ૦૨ માં જણાવ્યા મુજબ ૦૩ વર્ષ માટે Abeyance કરવાની સુચના આપવામાં આવી. તેમજ બાકી રહેલ કામગીરી તેઓના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવા તથા આ કામગીરીની હયાત પી.એમ.સી એજન્સી જયેશ એ. દલાલ, સુરત પાસે સાઈટ સર્વે કરાવી નવીન એસ.ઓ.આર મુજબ ડીપીઆર તેમજ અંદાજપત્ર તૈયાર કરાવી ટેન્ડર બનાવી ઈજારદારશ્રી નક્કી કરી બાકી રહેલ કામગીરી પૂર્ણ કરવાની મંજૂરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર (૧૧ ) : વુડા ધ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો તથા અન્ય સીવીલ કામો કરવા માટેના અંદાજોને તાંત્રીક મંજુરી આપવા બાબત.

વુડા બોર્ડની ૨૧૩ મી બોર્ડ બેઠકમાં થયેલ ઠરાવ ક્રમાંક ૨૦૬૮ થી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા કરવામાં આવતા વિકાસના કામો જેવા કે રોડ, મકાન, વરસાદી કાંસ, વરસાદી ગટર, ડ્રેનેજ, પાણી, ગાર્ડન તથા અન્ય નાગરિક સુવિધાના કામો માટે આપવામાં આવતી તાંત્રિક મંજુરી અંગેની સત્તા, માર્ગ અને મકાન વિભાગના પરીપત્ર ક્રમાંક : પી.ડીડબલ્યુ/૧૦૨૦૦૭/૧(ભાગ-૧)સ, તા. ૧૨/૦૪/૨૦૧૧ મુજબ રીવાઈઝડ કરી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (સીવીલ) ને રૂ. ૬/- લાખ તથા કાર્યપાલક ઈજનેરશ્રી (સીવીલ) ને રૂ. ૫૦/- લાખ સુધીના કામોને તાંત્રિક મંજુરી આપવા માટેની સત્તા સોંપવામાં આવેલ છે તથા વુડા કચેરીમાં કાર્યપાલક ઈજનેરશ્રી સુધીની જ પોસ્ટ હોવાથી રૂ. ૫૦/- લાખથી વધુ રકમના કામોને તાંત્રિક મંજુરી આપવા માટે (૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સાત્તમંડળ, વડોદરા (૨) સીટી ઈજનેરશ્રી/એડીશનલ સીટી ઈજનેરશ્રી અથવા તેમના પ્રતિનિધી (પ્રોજેકટ્સ ને સંલગ્ન કામોનો હવાલો સંભાળતાં સંબંધિત અધિકારી વડોદરા મહાનગર સેવાસદન) (૩) સીનીયર ટાઉનપ્લાનરશ્રી/તેમના પ્રતિનિધી (જે નગર નિયોજકશ્રીની કક્ષા નીચેના ન હોય તેવા) નગર આયોજન અને મુલ્યાંકન વિભાગ/શાખા, વડોદરા (૪) ટાઉન પ્લાનરશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા તથા (૫) કાર્યપાલક ઈજનેરશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાની કમિટીની રચના વુડા બોર્ડ બેઠક નં. ૨૩૮ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૫૦ થી કરવામાં આવેલ હતી. હાલ વુડા કચેરીમાંથી રોડ, મકાન, વરસાદી કાંસ, વરસાદી ગટર, ડ્રેનેજ, પાણી, ગાર્ડન તથા અન્ય નાગરિક સુવિધાના કામો હાથ ધરવાનું આયોજન કરેલ છે. આથી કરવાની થતી કામગીરી યોગ્ય રીતે થઈ શકે તે હેતુસર સંલગ્ન કામગીરીના નિષ્ણાંતોને તાંત્રિક કમિટીમાં સમાવેશ કરવા જરૂરી જણાય છે. આથી નીચે મુજબ કમિટીની રચના કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સાત્તમંડળ, વડોદરા | : | અધ્યક્ષ |
| (૨) | સીટી ઈજનેરશ્રી, વડોદરા મહાનગરપાલિકા/કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ વડોદરા/કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વડોદરા (GWSSB)/એડીશનલ ડાયરેકટરશ્રી, પાર્ક અને ગાર્ડન શાખા, વડોદરા મહાનગરપાલિકા | : | સભ્યશ્રી |
| (૩) | સીનીયર ટાઉનપ્લાનરશ્રી /તેમના પ્રતિનિધી(જે નગર નિયોજકશ્રીની કક્ષા નીચેના ન હોય તેવા) નગર આયોજન અને મુલ્યાંકન વિભાગ/શાખા, વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | ટાઉન પ્લાનરશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા | : | સભ્યશ્રી |
| (૫) | કાર્યપાલક ઈજનેરશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા | : | સભ્ય સચિવશ્રી |

ઉપરોકત વિગતે રચાયેલ કમીટી ધ્વારા વુડાના ૫૦ લાખથી વધુ રકમના કામોને તાંત્રિક મંજુરી આપવા માટે જો જેતે ડેવલોપમેન્ટ માટેની કામગીરીને સંલગ્ન નિષ્ણાંતોનો અભિપ્રાય મેળવીને

કરવામાં આવે તો કામગીરી વધુ યોગ્ય રીતે કરી શકાય. તદ્દઉપરાંત ઉપરોકત વિગતો મુજબ ટેન્ડર કમિટીમાં પણ જેતે સુચિત કામગીરીને નિષ્ણાંતો દ્વારા કામગીરીના હિતમાં અભિપ્રાય મળે તે હેતુસર નીચે મુજબ ટેન્ડર કમિટીની રચનામાં ફેરફાર કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | માન. ચેરમેનશ્રી, શહેરી વિકાસ સાત્તમંડળ, વડોદરા | : | અધ્યક્ષ |
| (૨) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિકાસ સાત્તમંડળ, વડોદરા | : | સભ્યશ્રી |
| (૩) | સીટી ઈજનેરશ્રી, વડોદરા મહાનગરપાલિકા/કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ વડોદરા/કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વડોદરા (GWSSB)/એડીશનલ ડાયરેકટરશ્રી, પાર્ક અને ગાર્ડન શાખા, વડોદરા મહાનગરપાલિકા | : | સભ્યશ્રી |

આથી ઉપરોકત જણાવ્યા મુજબ તાંત્રિક કમિટી અને ટેન્ડર કમિટીની રચનામાં ફેરફાર કરવાની બાબત અંગે વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૮૬૧) : વુડા ધ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો તથા અન્ય સીવીલ કામો કરવા માટેના અંદાજોને તાંત્રીક મંજુરીની કમિટી અને ટેન્ડર કમિટીની રચનામાં ફેરફાર કરવાની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર (૧૨ ) : **મોજે ખટંબા ગામ પાસે MPS બનાવી કપુરાઈ સ્થિત વી.એમ.સી ના 60 MLD STP સુધી પ્રેસર મેઈન લાઈન નાખવાની કામગીરીમાં થનાર વધારાની કામગીરી બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, મોજે ખટંબા ગામ પાસે MPS બનાવી કપુરાઈ સ્થિત વી.એમ.સી ના 60 MLD STP સુધી પ્રેસર મેઈન લાઈન નાખવાની કામગીરી કે. એસ. ડી. કન્સ્ટ્રકશન, રાજકોટને સોંપવામાં આવેલ છે. જેમાં ટેન્ડરના નિયમ મુજબ સુપરવિઝન અને મોનીટરીંગની કામગીરી માટે પી.એમ.સી. તરીકે સેપ્ચ્યન્ટ ટેકનો કન્સલટન્ટ, સુરતને તથા કામગીરીની ગુણવત્તાની ઉંડાણ પુર્વક ચકાસણી અર્થે ટી.પી.આઈ. તરીકે સ્થપતી ડીઝાઈન એન્ડ કન્સલટન્ટસ પ્રા.લી., નવસારીને કામગીરી સોંપેલ છે. તે પરત્વે કામગીરી પી.એમ.સી. તથા ટી.પી.આઈ. ના સુપરવિઝન હેઠળ પ્રગતિમાં છે.

સદર કામગીરીના ટેન્ડરમાં મંજુર થયેલ મોજે ખટંબાના સર્વે નં. ૨૪૫ માં MPS બનાવવાનું પ્લાનીંગ કરવામાં આવેલ હતુ. જેમાં ઈજારદારશ્રી દ્વારા ડિસેમ્બર-૨૦૧૯ માં સોઈલ ટેસ્ટ કરવવામાં આવેલ હતો. પરંતુ ગામના લોકો દ્વારા MPS બનાવવાની કામગીરીનો વિરોધ કરતા અત્રેની કચેરી દ્વારા સાઈટ વિઝીટ કરવામાં આવેલ હતી. જેમાં માલુમ પડેલ હતુ કે, સર્વે નં. ૨૪૫ ના બે ભાગ થયેલ છે. જેના સર્વે નં. ૨૪૫ ના ગામ નમુના નં. ૦૭ ની વિગતો મેળવતા, સર્વે નં. ૨૪૫ માં સર્વે નં. ૨૪૫/અ તથા સર્વે નં. ૨૪૫/બ આમ બે ભાગ હતા. સર્વે નં. ૨૪૫/અ ખટંબા ગ્રામ પંચાયતની ગૌચર જમીન હતી. જયારે સર્વે નં. ૨૪૫/બ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની જમીન હતી. સર્વે નં. ૨૪૫/અ ખટંબા ગામના તળાવને અડીને હોવાને કારણે તેમજ લંબાઈ પહોળાઈ ઓછી મળવાને કારણે MPS બનાવવાનું શક્ય ન હતુ. જયારે સર્વે નં. ૨૪૫/બ ગૃહ નિર્માણ વિભાગની હોવાને કારણે કબજા મેળવવામાં સમય વ્યતિત થાય તેમ હતો. અત્રેની કચેરી હસ્તકના માન. કલેકટરશ્રી, વડોદરા પાસેથી મલીન જળનું શુધ્ધિકરણ કરવા માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના હેતુથી ખરીદ કરેલ સર્વે નં. ૨૪૬ માં જેમાં ભવિષ્યમાં STP ના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવે તો સદર સર્વે નંબરમાં MPS સાથે STP બનાવી શકાય તેમ હોવાથી ફેબ્રુઆરી-૨૦૨૦ માં થયેલ સાઈટ વિઝીટ દરમ્યાન પી.એમ.સી., ટી.પી.આઈ. અને ઈજારદારશ્રીની હાજરીમાં MPS સર્વે નં. ૨૪૬ માં બનાવવાનું નક્કી કરવામાં આવ્યુ હતુ. જે મુજબ ઈજારદારશ્રી દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૦ માં પ્રેસર મેઈન લાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવેલ હતી. સદર વિગતે અત્રેની કચેરીમાં મૌખિક મંજુરી મેળવેલ છે. તેમજ ઉકત વિગતે થયેલ ચર્ચાનો ઉલ્લેખ ઈજારદારશ્રીના તા. ૩૦/૦૭/૨૦૨૦ ના પત્રમાં તથા આ કામની પી.એમ.સી. ના તા. ૨૦/૦૮/૨૦૨૦ ના રોજના પત્રમાં દર્શાવેલ છે. ટેન્ડરમાં મંજુર થયેલ MPS ના પ્લોટનું લોકેશન બદલાતા ઈજારદારશ્રી કે. એસ. ડી. કન્સ્ટ્રકશન, રાજકોટને ફેબ્રુઆરી-૨૦૨૦ માં પ્લોટનું પઝેશન સોંપવામાં આવેલ હતુ. જેમાં ઈજારદારશ્રી દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૦ માં જ સોઈલ ટેસ્ટની કામગીરી કરાવેલ હતી.

પ્રેસર મેઈન લાઈન જે જગ્યા પરથી પસાર થતી હતી તે જગ્યાની માલિકી ખેડૂતની હોવાથી ખેડૂત દ્વારા પઝેશન ન આપવાને કારણે, કાંસમાંથી પસાર થતી લાઈનમાં ભવિષ્યમાં સમારકામમાં મુશ્કેલીઓ ન પડે તેમજ કાંસમાં મગર હોવાને કારણે અને MPS ના પ્લોટની જગ્યા બદલાવવાને કારણે પ્રેસર મેઈન લાઈન ટેન્ડરમાં મંજુર થયેલ રૂટમાં ફેરફાર થવાને કારણે ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લઈ પ્રેસર મેઈન લાઈનનો રૂટ બદલવામાં આવેલ હતો. આમ અત્રેની કચેરીમાં પી.એમ.સી., ટી.પી.આઈ. અને ઈજારદારશ્રીની હાજરીમાં નક્કી થયા મુજબ ઇજારદારશ્રી ધ્વારા કામગીરી શરૂ કરવામાં આવેલ હતી અને ઈજારદારશ્રી દ્વારા પ્રેસર મેઈન લાઈનની લંબાઈમાં ૩00.00 મીટરના વધારાની માંગણી પણ કરવામાં આવેલ હતી. જેમાં આ કામગીરી માટે ઈજારદારશ્રી દ્વારા પ્રેસર મેઈન લાઈનના રૂટની લંબાઈમાં વધારો થવાને કારણે થનાર વધારાના ખર્ચની મંજુરી માંગતા

અત્રેની કચેરી દ્વારા આ કામની પી.એમ.સી. પાસે પ્રેસર મેઈન લાઈનના નવા રૂટની ઉંડાણ પુર્વક ચકાસણી કરી નવા તથા જુના રૂટને ડ્રોઈંગ પર દર્શાવી થનાર વધારાના ખર્ચ સહિતનો અભિપ્રાય માંગેલ હતો. જે પરત્વે આ કામની પી.એમ.સી. દ્વારા પ્રેસર મેઈન લાઈનનો નવો તથા જુનો રૂટ ડ્રોઈંગ પર દર્શાવી રૂ. ૩૫,૦૬,૪૬૨.૫૦ નું એક્સેસ સેવિંગ સ્ટેટમેન્ટ તૈયાર કરી અત્રેની કચેરીએ રજુ કરેલ છે. જે વંચાણે લેવા વિનંતી.

વધુમાં અત્રેની કચેરીએ થયેલ ટી.એસ. કમીટીમાં કામગીરી માટે અંદાજીત રૂ. ૮,૪૨,૫૯,૨૦૦/- ની તાંત્રિક મંજુરી મળેલ છે. જેમાં ઈજારદારશ્રી દ્વારા ૫.૧૭% નીચું એટલે કે, રૂ. ૭,૯૯,૦૦,૦૦૦/- ટેન્ડર ભરેલ છે. આમ સદર પ્રોજેકટમાં રૂ. ૪૩,૫૯,૨૦૦/- ની બચત થયેલ છે તથા વધારાની કામગીરી માટે થનાર ખર્ચ અત્રે મળેલ તાંત્રિક મંજુરીની રકમ કરતા ઓછી થાય છે. જે ધ્યાને લઈ સદર પ્રોજેકટમાં રીવાઈઝડ તાંત્રિક મંજુરી લેવાની થતી નથી. આમ ઉકત વધારાની મંજુરીઅંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૬૨ ) :</u> મોજે ખટંબા ગામ પાસે MPS બનાવી કપુરાઈ સ્થિત વી.એમ.સી ના 60 MLD STP સુધી પ્રેસર મેઈન લાઈન નાખવાની કામગીરીમાં વધારાની કામગીરી માટે થયેલ ખર્ચ રૂ. ૩૫,૦૬,૪૬૨.૫૦ ને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર:- (૧૩) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો માટે થનાર ખર્ચને, ઈજારદારશ્રી,પી.એમ.સી તથા ટી.પી.આઈ ને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ અંતર્ગત ચાલતા નીચે મુજબના કામો માટે પી.એમ.સી. તથા ટી.પી.આઈની નિમણુંક થયેલ છે તથા (૧) નર્મદાની વડોદરા બ્રાન્ચ કેનાલ આધારીત વુડાના પુર્વ વિસ્તારમાં આવેલ ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાના પ્રોજેકટ (૦૫ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ સહીત) કામગીરી (૨) પુર્વ વિસ્તાર ટી.પી.સ્કીમ નં.૨૫ માં બાકી રહેલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી (૩) મોજે કોયલી ટી.પી.સ્કીમ નં. ૪૨ માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી (૪) મોજે ચાપડ ટી.પી.સ્કીમ નં. ૨૭/સી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી (૫) મોજે ખાનપુર-અંકોડિયા-ગોકુલપુરા-રાયપુરા-મહાપુરા ટી.પી.સ્કીમ નં. ૨૪/એ અને ૨૪/બી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી (૬) મોજે સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયાથી ન્ટ્રાકટરની નિમણુંક થઈ કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. આથી ઉકત કુલ ૦૬ (છ) પ્રોજેકટોની વિગત નીચે મુજબ છે.

| અનુ. નં. | કામનું નામ | કોન્ટ્રાકટર | અંદાજીત ખર્ચ (કરોડમાં) | પી.એમ.સી | ટી.પી.આઈ. |
|---|---|---|---|---|---|
| ૧. | નર્મદાની વડોદરા બ્રાન્ચ કેનાલ આધારીત વુડાના પુર્વ વિસ્તારમાં આવેલ ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાના પ્રોજેકટ (૦૫ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ સહીત) કામગીરી. | જયંતિસુપર કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડ જે.વી. વિનોદ. એચ. પટેલ, મહેસાણા | રૂ. ૧૫૪.૩૭ | ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર | જીયો ડિઝાઈન એન્ડ રિસર્ચ (પ્રા) લી., (જીયો ટેસ્ટ હાઉસ) વડોદરા |
| ૨. | પુર્વ વિસ્તાર ટી.પી.સ્કીમ નં.૨૫ માં બાકી રહેલ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી | જયંતિસુપર કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડ જે.વી. વિનોદ. એચ. પટેલ, મહેસાણા | રૂ. ૨૪.૧૯ | જીયો ડિઝાઈન એન્ડ રિસર્ચ (પ્રા) લી., (જીયો ટેસ્ટ હાઉસ) વડોદરા | ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર |
| ૩. | મોજે કોયલી ટી.પી.સ્કીમ નં. ૪૨ માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી બાબત. | મે. શિવમ કન્સ્ટ્રકશન કંપની | રૂ. ૧૦૦.૨૨ | ટેક્નોમેન કન્સલ્ટન્ટ, ગાંધીનગર | ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર |
| ૪. | મોજે ચાપડ ટી.પી.સ્કીમ નં. ૨૭/સી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી બાબત. | શિવાલય ઇન્ફ્રા.પ્રોજેક્ટસ પ્રા. લી., વડોદરા | રૂ.૧૯૧.૩૧ | ટેક્નોમેન કન્સલ્ટન્ટ, ગાંધીનગર | જયેશ એ. દલાલ, સુરત |
| ૫. | મોજે ખાનપુર-અંકોડિયા-ગોકુલપુરા-રાયપુરા-મહાપુરા ટી.પી.સ્કીમ નં. ૨૪/એ અને ૨૪/બી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી બાબત. | મે. શિવમ કન્સ્ટ્રકશન કંપની | રૂ.૧૨૩.૯૩ | ટેક્નોમેન કન્સલ્ટન્ટ, ગાંધીનગર | ગ્રીન ડિઝાઇન એન્ડ એન્જિનિયરિંગ સર્વિસીસ પ્રા. લી. સુરત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | મોજે સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી બાબત. | શિવાલય ઇન્ફ્રા.પ્રોજેક્ટસ પ્રા. લી., વડોદરા | રૂ. ૮૯.૯૨ | સ્થપતી ડીઝાઈનર્સ એન્ડ કન્સલટન્ટસ પ્રા.લી., નવસારી | સાંઈ જીયોટેકનિકલ લેબ, વડોદરા |
| ૭. | એન્યુઅલ રેટ કોન્ટ્રાક્ટ (૨૦૨૩-૨૪) માટે હયાત પાણીની વુડાના પૂર્વ વિસ્તારના વાઘોડિયા રોડ તથા આજવા રોડની ૬૩ સોસાયટીમાં પાણી પુરૂ પાડવા માટેની ૈ ઘ્ની કામગીરી | લાલજી કન્સ્ટ્રકશન વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. | | જીયો ડિઝાઈન એન્ડ રિસર્ચ (પ્રા) લી., (જીયો ટેસ્ટ હાઉસ) વડોદરા | |
| ૮. | એન્યુઅલ રેટ ફોર ક્લીનીગ ટુ વેરીઅસ સ્ટ્રોમ વોટર ડ્રેઇન /નાલા અંડર વુડા એરિયા, વડોદરા ફોર ધ યર ૨૦૨૩-૨૪ ઇન (આઈટમ રેટ) ની કામગીરી | ડી.બી.પટેલ | | ધવલ એન્જીનીયર્સ , ગાંધીનગર | |
| | કુલ | | રૂ. ૬૮૩.૯૪ | | |

વધુમાં વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં ડ્રાફ્ટ લેવલે મંજૂર થયેલ કુલ ૩ ટી.પી. સ્કીમો (૧) મોજે આમોદર ટી.પી.સ્કીમ નં. ૦૧ માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી બાબત (૨) મોજે આમલીયારા ટી.પી.સ્કીમ નં. ૨૯/બી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી બાબત (૩) મોજે રતનપુર ટી.પી.સ્કીમ નં. ૨૬/ડી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયાથી નિમણુંક થયેલ પી.એમ.સી એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. આથી ઉકત કુલ ૦૩ (ત્રણ) પ્રોજેકટોની વિગત નીચે મુજબ છે.

| અનુ. નં. | કામનું નામ | કોન્ટ્રાકટર | અંદાજીત ખર્ચ (કરોડમાં) | પી.એમ.સી | ટી.પી.આઈ. |
|---|---|---|---|---|---|
| ૧. | મોજે આમોદર ટી.પી.સ્કીમ નં. ૦૧ માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી બાબત. | - | - | જયેશ એ. દલાલ, સુરત | |
| ૨. | મોજે આમલીયારા ટી.પી.સ્કીમ નં. ૨૯/બી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી બાબત. | - | - | સાંઈ જીયોટેકનિકલ લેબ, વડોદરા | |
| ૩. | મોજે રતનપુર ટી.પી.સ્કીમ નં. ૨૬/ડી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી બાબત. | - | - | ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર | |

ઉપરોક્ત કુલ ૦૮ (આઠ) પ્રોજેકટોની કામગીરી માટે નિમણુંક કરેલ પી.એમ.સી, ટી.પી.આઈ, ઈજારદારશ્રીને બહાલી આપવા તથા તમામ કામગીરી માટે થનાર ખર્ચ રૂ. ૬૮૩.૯૪ કરોડની કામગીરીને મંજુરીનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય માટે વુડા બોર્ડ સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૮૬૩ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો માટે થનાર ખર્ચ તેમજ ટેન્ડર પ્રક્રિયાથી નક્કી થયેલ ઈજારદારશ્રી, પી.એમ.સી તથા ટી.પી.આઈ માટે કરેલ કાર્યવાહી ને બહાલીઆપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર (૧૪) મોજે પુર્વ વિસ્તારમાં ટેકનોલોજી પાર્ક નોર્ડ ટી.પી.સ્કીમ નં. ૨૫ ના રસ્તાઓમાં હનુમાનપુરા, ખટંબા, બાપોદ, અણખોલ તથા આ વિસ્તારના રસ્તાઓને મુખ્યમાર્ગ સાથે જોડતા ડી.પી. રસ્તામાં કાર્પેટ રોડ બનાવવાના કામ માટે વધારાની કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત મોજે પુર્વ વિસ્તારમાં ટેકનોલોજી પાર્ક નોર્ડ ટી.પી.સ્કીમ નં. ૨૫ ના રસ્તાઓમાં હનુમાનપુરા, ખટંબા, બાપોદ, અણખોલ તથા આ વિસ્તારના રસ્તાઓને મુખ્યમાર્ગ સાથે જોડતા ડી.પી. રસ્તામાં કાર્પેટ રોડ બનાવવાના કામ માટે ઓનલાઈન ટેન્ડર ઓફરો મંગાવવામાં આવેલ હતી. જેમાં ઈજારદારશ્રી તરીકે સૌથી ઓછી ઓફર આપનાર મે. શીવમ કન્સ્ટ્રકશન કું ને સદર કામગીરીનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદર ટી.પી.સ્કીમમાં જેમ જેમ રોડ માટેની જમીનના પઝેશન મળે તેમ તેમ રોડની કામગીરી પ્રગતિમાં છે. જેમાં અંદાજે ૭૫% જેટલી કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

માન. ધારાસભ્યશ્રી શૈલેષભાઈ મહેતા (સોટ્ટા), ડભોઈ દ્વારા વડોદરા થી વાઘોડીયા ગામ તરફ જતો રસ્તો વુડા હસ્તકની નવીન ટી.પી.સ્કીમોમાં સમાવેશ થયેલ હોય તથા સદર રસ્તાનો ઉપયોગ પારૂલ યુનિવર્સિટી, સુમનદીપ યુનિવર્સિટી અને સિગમા યુનિવર્સિટીના આશરે ૬૦,૦૦૦ જેટલા વિદ્યાથીઓ તેમજ સદર રસ્તા ઉપર આવેલ વાઘોડીયા જી.આઈ.ડી.સી. અને વિવિધ કમ્પનીઓના કર્મચારીઓ દ્વારા પણ ખુબ ઉપયોગમાં લેવાતો હોવાથી ટ્રાફીકનું ભારણ ખુબ વધારે થયેલ હોવાને કારણે રોડના વપરાશકારો/પ્રજાજનોને અવર-જવર કરવા માટે વધુ સારી સગવડ મળે તે હેતુથી સદર રસ્તાને ૬ માર્ગીય રસ્તો બનાવવા અર્થે માન. મુખ્ય મંત્રીશ્રી, ગાંધીનગર ખાતે પત્ર પાઠવવામાં આવેલ હતો. જે અન્વયે માન. મુખ્ય મંત્રીશ્રી, કાર્યાલય ગાંધીનગર દ્વારા વડોદરા વાઘોડીયા રાજય ધોરીમાર્ગને વુડાના હદ સુધી ૦૬ માર્ગીય રસ્તો બનાવવા માટે પત્ર પાઠવેલ છે.

આમ, ઉકત વિગત ધ્યાને લેતા અત્રેની કચેરીએ સક્ષમ કક્ષાએ થયેલ ચર્ચા વિચારણા મુજબ તે બાબતે માર્ગ અને મકાન વિભાગ, વડોદરા જીલ્લાના અધિકારી સાથે રૂબરૂ ચર્ચ થયા મુજબ તેમના દ્વારા સદર રસ્તાનો Lane Capacity Survey (Traffic Survey) કરાવેલ છે. જેનો હાલનો ટ્રાફીક જોતા ૦૬ માર્ગીય રસ્તો કરવો જરૂરી જણાય છે. જેથી વડોદરા વાઘોડીયા રાજય ધોરીમાર્ગને વુડા હદ વિસ્તાર સુધી ૦૬ માર્ગીય કરવાપાત્ર જણાય છે. જે બાબતે આ કામગીરીના પ્રોજેકટ મેનેજમેન્ટે કન્સલટન્ટશ્રી પાસે અંદાજ તૈયાર કરાવવામાં આવેલ છે. જે અંદાજ મુજબ વર્ષ-૨૦૧૫-૧૬ ના SOR મુજબ ગણતરી કરવામાં આવે તો અંદાજે રૂ. ૧૦.૭૧ કરોડ જેટલો ખર્ચ થાય તેમ છે. જે બાબતે આ કામગીરીના ઈજારદારશ્રીને અત્રેની કચેરી દ્વારા વર્ષ-૨૦૧૫-૧૬ ના ભાવ એટેલ કે મંજુર થયેલ ટેન્ડરના ભાવો મુજબ વધારાની કામગીરી કરવા અર્થે સંમતી મેળવવા માટે પત્ર પાઠવેલ હતો. જે પરત્વે ઈજારદારશ્રી મે. શીવમ કન્સ્ટ્રકશન કું, વડોદરા દ્વારા વધારાના જથ્થાની કામગીરી માટે મંજુર થયેલ ટેન્ડરના ભાવથી તેમજ આસ્ફાલ્ટના ભાવની તફાવતની રકમ સિવાય કોઈપણ પ્રકારની અન્ય ભાવની માંગણી કરશે નહી તેમ જણાવી સંમતી પત્ર પાઠવેલ છે. વધુમાં કાર્યપાલક ઈજનેરશ્રી, જીલ્લા માર્ગ અને મકાન વિભાગ, વડોદરાની કચેરી દ્વારા વુડામાં સમાવિષ્ટ વડોદરા વાઘોડીયા રાજય ધોરીમાર્ગ વુડા હદ વિસ્તારની લંબાઈનો હવાલો અત્રેની કચેરીને સોંપેલ છે તથા સદર કામગીરી વર્ષ-૨૦૨૧-૨૨ ના SOR મુજબ ગણતરી કરવામાં આવે તો અંદાજે રૂ. ૧૨.૧૯ કરોડ જેટલો ખર્ચ થાય તેમ છે. આમ ઉપરોકત તમામ વિગત ધ્યાને લેતા સદર કામગીરી ટેન્ડરના મંજુર થયેલ ભાવોથી ઈજારદારશ્રી દ્વારા કરવામાં આવે તો અત્રેના સરકારશ્રીના હિતમાં છે. આમ માન. મુખ્ય મંત્રીશ્રી, કાર્યાલય ગાંધીનગરથી મળેલ સુચના મુજબ અને સ્થળ તપાસ કરતા સદર કામગીરી કરવી જરૂરી જણાય છે. આથી સદર રસ્તાની કરવાની થતી

વધારાની કામગીરીના ખર્ચ રૂ. ૧૦.૭૧ કરોડને મંજુરી આપવા તથા આ કામગીરી હાલના ઈજારદારશ્રી એ મે. શીવમ કન્સ્ટ્રકશન કું, વડોદરા પાસે કરાવવાની મંજુરી મેળવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૮૬૪ ) : મોજે પુર્વ વિસ્તારમાં ટેકનોલોજી પાર્ક નોર્ડ ટી.પી.સ્કીમ નં. ૨૫ ના રસ્તાઓમાં હનુમાનપુરા, ખટંબા, બાપોદ, અણખોલ તથા આ વિસ્તારના રસ્તાઓને મુખ્યમાર્ગ સાથે જોડતા ડી.પી. રસ્તામાંકાર્પેટ રોડ બનાવવાના કામમાટે વધારાની કામગીરી ઈજારદારશ્રી મે. શીવમ કન્સ્ટ્રકશન કું, વડોદરા પાસે કરાવવા અને તે માટે થનાર ખર્ચ રૂ. ૧૦.૭૧ કરોડને મંજુરી આપવામાં આવી તથા રસ્તાના ડીવાઈડરમાં સોલાર લાઈટની વધારાની કામગીરી સદર ટેન્ડરમાં જ કરાવવા અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૫) :વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) નો ઇરાદો જાહેર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે સુંદરપુરા અને ધનિયાવી ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ,વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે સુંદરપુરા અને ધનિયાવીમાં મંજુર દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫ મીટર રસ્તાઓ મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઈ, વુડાની તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૧/૧૧/૨૦૨૧ ના પત્ર નં. યુડીએ/પ્લાન-૨/૨૦૮૩/૨૦૨૦ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા. ૧૫/૦૨/૨૦૨૨ નાપત્ર નં. દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં.૨૬/એ(સું.-ધ)/૫૪૪ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૩૨૭ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગરરચના યોજના તૈયાર કરવા માટે ઇરાદો જાહેર કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૫૪ માં મુદ્દા નં. ૧૩ થી ચર્ચા વિચારણા અર્થે રજૂ કરેલ. જે બોર્ડ બેઠક ના ઠરાવ નં. ૨૮૪૩ થી બોર્ડ બેઠકમાં તમામ સભ્યશ્રી દ્વારા સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું ઠરાવેલ; પરંતુ તા. ૨૦/૦૩/૨૦૨૩ ના રોજ યોજાયેલ બોર્ડ બેઠક બાદ તા. ૨૮/૦૪/૨૦૨૩ ના રોજ એટલે કે ૩૮-દિવસો બાદ મા. ચેરમેનશ્રી દ્વારા સહી થઈ બોર્ડના ઠરાવો અત્રેની કચેરીએ મળેલ હોઇ, ન. ૨. અને શ. વિ. અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૪૧(૨) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાના ઈરાદાની રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ દિન-૨૧ માં થઈ શકેલ ન હોઇ તેમજ તે અંગેની જાણ સરકારશ્રી સમક્ષ થઈ શકેલ ન હોઇ. જેથી સદરહું નગરરચનાયોજનાનો ફેર ઈરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૬૫) :</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર (૧૬) :વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૨૬-બી(વોરાગામડી) નો ઇરાદો જાહેર કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે વોરાગામડી ગામના વિસ્તારમાંમુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ,વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે વોરાગામડીમાં મંજુર દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫ મીટર રસ્તાઓ મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઈ, વુડાની તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હેઠળહદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૧/૧૧/૨૦૨૦ ના પત્ર નં. યુડીએ/પ્લાન-૨/૨૦૮૪/૨૦૨૦ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા. ૧૫/૦૨/૨૦૨૨ નાપત્ર નં. દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં.૨૬/બી(વો.)/૫૪૨ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૨૬-બી (વોરાગામડી) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૩૨૨ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગરરચના યોજના તૈયાર કરવા માટે ઇરાદો જાહેર કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૫૪ માં મુદ્દા નં. ૧૪ થી ચર્ચા વિચારણા અર્થે રજૂ કરેલ. જે બોર્ડ બેઠક ના ઠરાવ નં. ૨૮૪૪ થી બોર્ડ બેઠકમાં તમામ સભ્યશ્રી દ્વારા સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-બી (વોરાગામડી) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું ઠરાવેલ; પરંતુ તા. ૨૦/૦૩/૨૦૨૩ ના રોજ યોજાયેલ બોર્ડ બેઠક બાદ તા. ૨૮/૦૪/૨૦૨૩ ના રોજ એટલે કે ૩૮-દિવસો બાદ મા. ચેરમેનશ્રી દ્વારા સહી થઈ બોર્ડના ઠરાવો અત્રેની કચેરીએ મળેલ હોઇ, ન. ર. અને શ. વિ. અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૪૧(૨) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાના ઈરાદાની રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ દિન-૨૧ માં થઈ શકેલ ન હોઇ તેમજ તે અંગેની જાણ સરકારશ્રી સમક્ષ થઈ શકેલ ન હોઇ.જેથી સદરહું નગરરચનાયોજનાનો ફેર ઈરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૬૬) :</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-બી (વોરાગામડી) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર (૧૭) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગરરચનાયોજનાનં.૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે ચિખોદ્રા અને અલ્હાદપુરા ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૯૭૬ ની ૪૧(૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે ચિખોદ્રા, અલ્હાદપુરામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫મી. રસ્તો મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઇ, વુડાની તા.૦૬/૦૨/૨૦૨૦ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૦૧/૦૧/૨૦૨૧ના પત્રનં.યુડીએ/પ્લાન-૨/૦૧/૨૦૨૧ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા.૧૫/૦૨/૨૦૨૨ નાપત્ર ક્રમાંક: દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં. ૨૬/સી(ચિ.-અ.)/૫૪૩ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૪૯૮.૦૯ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગરરચના યોજના તૈયાર કરવા માટે ઈરાદો જાહેર કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૫૪ માં મુદ્દા નં. ૧૫ થી ચર્ચા વિચારણા અર્થે રજૂ કરેલ. જે બોર્ડ બેઠક ના ઠરાવ નં. ૨૮૪૫ થી બોર્ડ બેઠકમાં તમામ સભ્યશ્રી દ્વારા સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. (ચિખોદ્રા, અલ્હાદપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું ઠરાવેલ; પરંતુ તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજ યોજાયેલ બોર્ડ બેઠક બાદ તા. ૨૮/૦૪/૨૦૨૩ના રોજ એટલે કે ૩૮-દિવસો બાદ મા. ચેરમેનશ્રી દ્વારા સહી થઈ બોર્ડના ઠરાવો અત્રેની કચેરીએ મળેલ હોઇ, ન. ર. અને શ. વિ. અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૪૧(૨) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાના ઈરાદાની રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ દિન-૨૧ માં થઈ શકેલ ન હોઇ તેમજ તે અંગેની જાણ સરકારશ્રી સમક્ષ થઈ શકેલ ન હોય. જેથી સદરહું નગરરચનાયોજનાનો ફેર ઈરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૬૭) :</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર (૧૮) :વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત નગરરચના યોજના નં. ૨૮/ડી(બાકરોલ, જેસંગપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે બાકરોલ અને જેસંગપુરા ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૯૭૬ ની ૪૧(૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજેબાકરોલ, જેસંગપુરામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫મી. રસ્તો મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઇ, વુડાની તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૫/૦૮/૨૦૨૧ ના પત્રનં.યુડીએ/પ્લાન-૨/૧૧૧/૨૦૨૧ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા.૧૫/૦૨/૨૦૨૨ નાપત્ર ક્રમાંક: દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં. ૨૮/ડી(બા.-જે.)/૫૩૯ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૨૮/ડી (બાકરોલ,જેસંગપુરા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૨૯૫ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગરરચના યોજના તૈયાર કરવા માટે ઈરાદો જાહેર કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૫૪ માં મુદ્દા નં. ૧૬ થી ચર્ચા વિચારણા અર્થે રજૂ કરેલ. જે બોર્ડ બેઠક ના ઠરાવ નં. ૨૮૪૬ થી બોર્ડબેઠકમાં તમામ સભ્યશ્રી દ્વારા સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-ડી (બાકરોલ-જેસંગપૂરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું ઠરાવેલ;પરંતુ તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજ યોજાયેલ બોર્ડ બેઠક બાદ તા. ૨૮/૦૪/૨૦૨૩ ના રોજ એટલે કે ૩૮-દિવસો બાદ મા. ચેરમેનશ્રી દ્વારા સહી થઈ બોર્ડના ઠરાવો અત્રેની કચેરીએ મળેલ હોઇ, ન. ર. અને શ. વિ. અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૪૧(૨) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાના ઈરાદાની રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ દિન-૨૧ માં થઈ શકેલ ન હોઇ તેમજ તે અંગેની જાણ સરકારશ્રી સમક્ષ થઈ શકેલ ન હોઇ.જેથી સદરહું નગરરચનાયોજનાનો ફેર ઈરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૮૬૮) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-ડી (બાકરોલ-જેસંગપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૯) : મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯-એ (કુમેઠા,મોરલીપુરા) ને બે ભાગમાં વિભાજીત કરી સૂચિત નગર રચના યોજના નં. ૨૯-એ (કુમેઠા) તેમજ સૂચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા-મોરલીપુરા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત.**

**સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-એ (કુમેઠા,મોરલીપુરા) ની હદ પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરી દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૨ થી મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ને સાદર કરવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૪૩૫.૦૨ હેક્ટર હતું. જે પરત્વે મુખ્ય નગર નિયોજકશ્રી શ્રીદ્વારા તા.૦૧/૦૨/૨૦૨૩ ના પત્ર ક્રમાંક નં. દ.ગુ./વડોદરા/વુડા/૪૧(૧)/૨૯/એ(કુ.મો) થી સદર યોજનાનો વિસ્તાર આશરે ૨૦૦ હેક્ટરમાં વિભાજીત કરી નવેસરથી દરખાસ્ત રજૂ કરવા જણાવેલ જેથી તેનું સંચાલન અને અમલીકરણ કરવું સરળ બને તેથી સદરહું યોજનાને વિભાજિત કરી નવેસરથી અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવી નવેસરથી યોજના બનાવવાની કામગીરી કરવા અજ્ઞાનુસાર જણાવેલ છે જે વિગતો ધ્યાને લઈ અત્રેથી નીચે કોષ્ટકમાં દર્શાવ્યા અનુસાર બે ભાગમાં વિભાજિત કરવાની થાય છે.**

| ક્રમ | નગર રચના યોજના | ક્ષેત્રફળ (હેક્ટર) |
|---|---|---|
| ૧ | સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા) | ૨૧૨.૧૩ |
| ૨ | સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/સી (કુમેઠા-મોરલીપુરા) | ૨૧૫.૨૩ |

સદર વિસ્તારમાં સૂચિત નગર રચના યોજના નં. ૨૯-એ (કુમેઠા) તેમજ સૂચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા-મોરલીપુરા) બનાવવા માટે તેનો હદ વિસ્તાર નક્કી કરવા વુડા બોર્ડમાં નિર્ણય લેવાનો થાય તથા નિર્ણય થયેથી તે અંગે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવા અંગેના મુદ્દા અન્વયે વુડા બોર્ડના સર્વે સભ્યોશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૮૬૯ ) : મુખ્ય નગર નિયોજકશ્રીના સૂચન પરત્વે સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા,મોરલીપુરા) ને બે ભાગમાં વિભાજિત કરી સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/સી (કુમેઠા,મોરલીપુરા) બનાવવા માટે તેના હદ વિસ્તારને સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ અને તેની મંજૂરી અર્થે ગુજરાત નગર રચના અને અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલામ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર (૨૦) : મોજે કુમેઠા ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ડી (કુમેઠા) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સરકારશ્રી દ્વારા વર્ષ-૨૦૧૨ માં મંજૂર કરવામાં આવેલ જે હાલ અમલી છે. સૂચિત વિકાસ યોજનામાં વુડાના વિસ્તારમાં ઉત્તર-પૂર્વ ભાગમાં ગામ કુમેઠા આવેલ છે, તથા સદર વિસ્તારની દક્ષિણે લાગુ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/સી (કુમેઠા-મોરલીપુરા) નું આયોજન કરવામાં આવનાર છે તથાયોજનાની દક્ષિણે મોજે મોરલીપુરાનો ખેતી વિષયક ઝોન પણ આવેલ છે અને સદર યોજનાની ઉત્તરે મોજે ભાઉપુરાની સીમાડો જે ખેતી વિષયક ઝોનમાં આવે છે તેમજ પુર્વે વુડાની હદની બહારનો વિસ્તાર મોજે કોટંબીની ગામની હદ આવેલ છે. જેથી મોજે કુમેઠામાં બાકી રહેતા રહેણાંક ઝોન આર-૩માં સમાવિષ્ટ વિસ્તારનો પણ વિકાસ થઈ શકે તે હેતુથી મોજે કુમેઠામાં રહેણાંક ઝોન આર-૩માં સમાવિસ્ટ વિસ્તારમાંમુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ડી (કુમેઠા) અને મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા)નું આયોજન કરવા વિચારણા કરેલ છે જેને ધ્યાને લેતા સૂચિત વિસ્તારની વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | નગર રચના યોજના નું નામ | યોજનાનો વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|
| ૧ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ડી (કુમેઠા) | ૧૬૪.૩૬ |
| ૨ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા) | ૧૬૨.૮૯ |

આમ, સદર વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ડી (કુમેઠા) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા) બનાવવા માટે તેનો હદ વિસ્તાર નક્કી કરવા વુડા તથા તે અંગે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવા અંગેના મુદ્દા અન્વયે વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૮૭૦) : મોજે કુમેઠા ગામના બાકી રહતા રહેણાંક ઝોન (આર-૩) ની જમીનોમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ડી (કુમેઠા) અને૨૯/ઈ (કુમેઠા) બનાવવા માટે રજૂ કરેલ હદ વિસ્તારને સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. તેની મંજૂરી અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર (૨૧) : મોજે મુજારગામડી ગામના વિસ્તારમાં સૂચિત નગર રચના યોજના નં. ૩૦ (મુજારગામડી) બનાવવા માટે તેની હદ નક્કી કરી અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સરકારશ્રી દ્વારા વર્ષ-૨૦૧૨ માં મંજૂર કરવામાં આવેલ જે હાલ અમલી છે. સૂચિત વિકાસ યોજનામાં વુડાના વિસ્તારમાં દક્ષિણ ભાગમાં આવેલ ગામ મુજારગામડી વડોદરા શહેરની નજીક આવેલ છે, તથા સદર ગામની પૂર્વે લાગુ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬/એ (સુંદરપુરા-ધનિયાવી) નું આયોજન થયેલ છે, અને પશ્ચિમે VMC નો વિસ્તાર મોજે:જાંબુવા આવેલ છે. જેમાં VMC દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬ (જાંબુવા)નું આયોજન કરેલ છે. જેથી સદર વિસ્તારનો વિકાસ થઈ શકે તે હેતુથી મોજે મુજારગામડીમાં રહેણાંક ઝોન R-1 માં સમાવિષ્ટ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજારગામડી) બનાવવા માટે વિચારણા કરેલ છે. જેને ધ્યાને લેતા સૂચિત વિસ્તારની વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | જમીનની વિગત | રહેણાંક ઝોન આર-૧ નો કુલ વિસ્તાર હેક્ટરમાં | કુલ વિસ્તાર તળાવ, કેનાલ, કાંસ, નાળિયા, સ્મશાન હેક્ટરમાં | ટી.પી.સ્કીમનો કુલ વિસ્તાર હેક્ટરમાં |
|---|---|---|---|---|
| ૧ | મુજારગામડી | ૯૯.૨૬ | ૧૧.૯૨ | ૧૧૧.૧૮ |

સદર બાબતે નીચે જણાવેલ મુદ્દા મુજબની કાર્યવાહી કરવાની જણાય છે.

મુદ્દા નં. (૧):

સદર વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજારગામડી) બનાવવા માટે તેનો હદ વિસ્તાર નક્કી કરવા વુડા બોર્ડમાં નિર્ણય લેવાનો થાય તથા નિર્ણય થયેથી તે અંગે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવાનો થાય. જેથી સદર મુદ્દો આગામી બોર્ડ બેઠકમાં લેવાનો થાય. જે અંગે નિર્ણય લઈ સહી થવા અર્થે રજૂ.

મુદ્દા નં. (૨):

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા બાબત તથા ફેરફારની દરખાસ્ત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલવા માટે આગામી બોર્ડ બેઠકમાં મુદ્દો લેવા બાબત

(A) સદર સૂચિત હદની પૂર્વે ગામતળને લાગુમાં આવેલ હયાત રસ્તો ડી.આઇ.એલ.આર. શ્રી દ્વારા પ્રમાણિત માપણીશીટ મુજબ મુજારગામડીમાં દર્શાવેલ છે. તથા સદર હયાત રસ્તાની અંદર આવેલ મકાનની વેરા પાવતી પણ મુજારગામડીની જણાય છે. જ્યારે મંજૂર અને અમલી વિકાસ યોજનાની દરખાસ્તમાં સદર હયાત રસ્તો મુજારગામડીની હદની બહાર દર્શાવેલ છે. જેથી મંજૂર અને અમલી વિકાસ યોજનાની દરખાસ્તમાં સદર હયાત રસ્તો મુજારગામડીની હદમાં દર્શાવવા અન્વયે અધિનિયમની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવાનો થાય. (ફેરફાર દર્શાવતા નકશાની નકલ સામેલ છે.)

(B) મંજૂર અને અમલી વિકાસ યોજનાની દરખાસ્તમાં રે.સ.નં./બ્લોક નં. ૮૫ ની પૂર્વ અને પશ્ચિમ હદે કાળી ડોટેડ લાઇન (વિલેજ બાઉન્ડ્રી) દર્શાવેલ છે. જ્યારે વિલેજ મેપ મુજબ મોજે: જાંબુવા અને મુજારગામડીની હદ મોજે: મુજારગામડીના રે.સ. નં./બ્લોક નં. ૮૫ ની પશ્ચિમે આવે છે. જેથી વિકાસ યોજનાની દરખાસ્તમાં વિલેજમેપ મુજબ અધિનિયમની કલમ-૧૯ મુજબ સુધારો કરવા બોર્ડ બેઠકમાં લેવાનો થાય. (ફેરફાર દર્શાવતા નકશાની નકલ સામેલ છે.)

(C) મોજે : મુજારગામડીના રે.સ.નં./બ્લોક નં. ૧૬૩, ૧૬૪, ૧૬૬, ૧૬૭, ૧૬૮ ને મંજૂર અને અમલી વિકાસ યોજનનની દરખાસ્તમાં કોઈ ઝોન દર્શાવેલ નથી. જેમાં શરતચૂકથી ઝોન દર્શાવવાનું રહી ગયેલ હોય તેમ જણાય છે. તથા સદર બાબતે મંજૂર વિકાસ યોજનાના તા. ૧૮-૦૧-૨૦૧૨ ના નોટિફિકેશન નં. GH/V/11 of 2012/DVP-1211-M.452-L માં કોઈ સૂચન થયેલ નથી. વધુમાં તા. ૨૫-૧૦-૧૯૯૬ ના રોજ મંજૂર થયેલ પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્ત મુજબ ઉક્ત રે.સ.નં/બ્લોક નં. ને રેસિડેન્શિયલ ઝોનમાં આવેલ હતો. જેથી સદર વિસ્તારની આજુબાજુના વિસ્તાર તથા જૂના મંજૂર પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્ત મુજબ ઉક્ત રે.સ.નં./બ્લોક નં. માં રેસિડેન્શિયલ ઝોન R-1 કરવા અંગે અધિનિયમની કલમ-૧૯ મુજબ સુધારો કરવાઅંગે નિર્ણય લેવાનો થાય.

આમ, અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેનો તથા ઉક્ત મુદ્દાઓ અન્વયે વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૮૭૧) :

(૧) મોજે મુજારગામડી ગામની રહેણાંક ઝોન R-1 માં સમાવિષ્ટ થતી જમીનોમાં સૂચિત નગર રચના યોજના નં. ૩૦ (મુજારગામડી) બનાવવા માટે રજૂ કરેલ હદ વિસ્તારને સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું તેમજ તેની મંજૂરી અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા ને સુપ્રત કરવામાં આવી.

(૨) મુદ્દા નં. ૨ ના (A), (B), (C) માં સૂચવ્યા મુજબ મંજૂર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરી તે અંગેથી દરખાસ્ત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા ને સુપ્રત કરવામાં આવી.

મુદા નંબર (૨૨) : મોજે ચાપડ અને તલસટ ગામોના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧(ચાપડ-તલસટ) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (તલસટ)બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સરકારશ્રી દ્વારા વર્ષ-૨૦૧૨ માં મંજુર કરવામાં આવેલ જે હાલ અમલી છે. સૂચિત વિકાસ યોજનામાં વુડાના મોજે ચાપડ અને તલસટ વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ચાપડ-તલસટ)ના ઉત્તર-પશ્ચિમ ભાગમાં વુડાની મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭/સી (ચાપડ) આવેલ છે, તથા સદર વિસ્તારની દક્ષિણે મોજે ચાપડનો ખેતી વિષયક ઝોન પણ આવેલ છે તથા પુર્વે મોજે તલસટનો ખેતી વિષયક ઝોન આવેલ છે તેમજ મોજે તલસટ વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (તલસટ)ના ઉત્તર ભાગમાં વી.એમ.સી વિસ્તારનો મોજે કલાલીનો સીમાડો તથા પુર્વ-દક્ષિણ ભાગમાં મોજે તલસટનો ખેતી વિષયક ઝોન પણ આવેલ છે તેમજ પશ્ચિમ ભાગે વુડાની મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭/સી (ચાપડ) આવેલ છે જેથી મોજે ચાપડમાં બાકી રહેતા રહેણાંક ઝોન આર-૨ તેમજ મોજે તલસટમાં બાકી રહેતા રહેણાંક ઝોન આર-૧ તથા સ્થાનિક વાણિજ્યમાં સમાવિષ્ટ વિસ્તારનો પણ વિકાસ થઈ શકે તે હેતુથી મોજે ચાપડ અને તલસટમાં રહેણાંક ઝોન આર-૨માં સમાવિસ્ટ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ચાપડ-તલસટ) અને મોજે તલસટમાં રહેણાંક ઝોન આર-૧ તથા સ્થાનિક વાણિજ્યમાં સમાવિસ્ટ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (તલસટ) નું આયોજન કરવા વિચારણા કરેલ છે જેને ધ્યાને લેતા સૂચિત વિસ્તારની વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | નગર રચના યોજના નું નામ | યોજનાનો વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|
| ૧ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ચાપડ-તલસટ) | ૮૧.૧૬ |
| ૨ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (તલસટ) | ૬૮.૨૨ |

આમ, સદર વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ચાપડ-તલસટ) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (તલસટ) બનાવવા માટે તેનો હદ વિસ્તાર નક્કી કરવા વુડા તથા તે અંગે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવા અંગેના મુદ્દા અન્વયે વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૮૭૨) : મોજે. ચાપડ તેમજ તલસટ ગામના રહેણાંક ઝોનની જમીનોમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ચાપડ-તલસટ) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (તલસટ) બનાવવા માટે રજૂ કરેલ હદ વિસ્તારને સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. તેની મંજૂરી અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૨૩) : અંતિમ નગર રચના યોજના નં.૧ (ખાનપુર-સેવાસી) માં બ્લોકનં.૧૭, ઓ.પી.નં.૧૬, અંતિમ ખંડ નં.૧૫, બ્લોકનં.૧૨, ઓ.પી.નં.૧૧, અંતિમ ખંડ નં.૧૧, સ્થાનિક વાણિજય હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૧૨ તથા SEWSHના હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૦૯, ૧૧૦ અન્વયે વેરીએશન કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવા બાબત.**

વુડા વિસ્તારમાં સમાવિષ્ટ નગર રચના યોજના નં.૧ (ખાનપુર-સેવાસી) સરકારશ્રી દ્વારા તા.૨૭/૦૫/૨૦૧૯ થી અંતિમ મંજુર કરવામાં આવેલ છે. જે મંજુર અંતિમ નગર રચના યોજનાની દરખાસ્ત મુજબ મોજે. ખાનપુર, બ્લોકનં.૧૭ વાળી જમીનને મુળખંડ નં.૧૬, (ક્ષે.૧૭૧૯૯ ચો.મી.) દર્શાવી અંતિમ ખંડ નં.૧૫ (ક્ષે.૧૨૦૫૧ ચો.મી.) ફાળવવામાં આવેલ છે. જેના પાર્ટ પ્લાન અને ફોર્મ.એફ આ સાથે સામેલ છે. સવાલવાળી જમીનના માલિકશ્રી મહાદેવભાઇ નટુભાઇ દેસાઇ દ્વારા ફાળવેલ અંતિમખંડ સામે નામ.હાઇકોર્ટમાં SCA: 13003/2017 થી દાવા પ્રકરણ કરેલ. જે અન્વયે નામ.હાઇકોર્ટ દ્વારા તા.૨૫/૦૧/૨૦૨૨ થી ઓરલ ઓર્ડર અરજદારશ્રીની તા.૨૪/૧૦/૨૦૨૧ ની અરજી પરત્વે કાયદાની જોગવાઇઓ મુજબની નિયમોનુસારની કાર્યવાહી કરવા હુકમ કરેલ છે.

જેના અનુસંધાને અત્રેથી તા.૦૪/૦૫/૨૦૨૨ તથા તા.૦૮/૦૮/૨૦૨૨ ના પત્રથી અરજદારશ્રીને જાણ કરી અનુક્રમે તા.૧૨/૦૫/૨૦૨૨ અને તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ.

જે સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા કરેલ રજુઆતો તથા સ્થળસ્થિતિ ધ્યાને લેતાં અરજદારશ્રી દ્વારા મુખ્યત્વે સવાલવાળી બ્લોકનં.૧૭ વાળી જમીનમાં તેઓની ધાર્મિક આસ્થા સમાયેલ હોઇ તથા તેમાં તેઓના ગુરૂજીના આશ્રમ હોઇ; સવાલવાળી નગર રચના યોજનામાં સમાવિષ્ટ બ્લોકનં.૧૭ ને લાગુ બ્લોકનં.૧૨ વાળી તેઓની જ માલિકીની અન્ય જમીનને ફાળવેલ અંતિમખંડ નં.૧૧ને બ્લોકનં.૧૭ ને ફાળવેલ અંતિમખંડ સાથે ભેળવી સંયુકત અંતિમખંડ ફાળવવા રજુઆત કરેલ તથા સવાલવાળા અંતિમખંડ નં.૧૫ ને લાગુ ૨૪.૦ મી. પહોળાઇના રસ્તા પરથી ખુબ જ સાંકડો એપ્રોચ દર્શાવેલ હોઇ; યોગ્ય એપ્રોચ મળી રહે તેવી માંગણી કરેલ છે.


જે પરત્વે જણાવવાનું કે, સવાલવાળી મોજે. ખાનપુર, બ્લોકનં.૧૭ વાળી જમીનને અંતિમ નગર રચના યોજનાનં.૧ (ખાનપુર-સેવાસી) ની દરખાસ્ત મુજબ મુળખંડ નં.૧૬ (ક્ષે.૧૭૧૯૯ ચો.મી.) થી દર્શાવી અંતિમખંડ નં.૧૫ (ક્ષે.૧૨૦૫૧ ચો.મી.) ૨૪.૦ મી. પહોળાઇના રોડથી આશરે ૮.૦ મી. નો એપ્રોચ તથા ૧૨.૦ મી. પહોળાઇના રોડ પરથી એપ્રોચ દર્શાવી અંતિમખંડ ફાળવવામાં આવેલ છે. સદરહું અંતિમખંડ નં.૧૫ ને પૂર્વ તરફે સ્થાનિક વાણિજય હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૧૨ (ક્ષે.૨૩૭૦ ચો.મી.) તથા પશ્ચિમ તરફે SEWSHના હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૧૦ (ક્ષે.૯૩૩૨ ચો.મી.) ફાળવવામાં આવેલ છે. અને સમુચિત સત્તામંડળને ફાળવેલ અંતિમખંડ નં. ૧૧૨ (સ્થાનિક વાણિજય વેચાણ માટે) (ક્ષે.૨૩૭૦ ચો.મી.) નો ફ્રન્ટ ૨૪.૦ મી. પહોળાઇના રસ્તામાં કાંસ પૈકીની જગ્યામાં તથા ૧૨.૦ મી. પહોળાઇના રોડના કોર્નર પર ફાળવેલ છે. તથા ૧૨.૦ મી. પહોળાઇના રોડની દક્ષિણે અરજદારશ્રીની માલિકીની મોજે. ખાનપુર, બ્લોકનં.૧૨ વાળી જમીનને મુળખંડ નં.૧૧ (ક્ષે.૩૩૩૯ ચો.મી.) થી દર્શાવી અંતિમખંડ નં.૧૧ (ક્ષે.૨૩૬૫ ચો.મી.) ફાળવવામાં આવેલ છે. જેને લાગુ પશ્ચિમ તરફે

SEWSHના હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૦૯ (ક્ષે.૪૨૧૮ ચો.મી.) ફાળવવામાં આવેલ છે. અંતિમ નગર રચના યોજનાની દરખાસ્ત દર્શાવતા નકશા નીચે મુજબ છે.




જે વિગતો ધ્યાને લેતાં નામ.હાઇકોર્ટના દાવા પ્રકરણ SCA: 13003/2017 પરત્વેના નામ.હાઇકોર્ટ દ્વારા તા.૨૫/૦૧/૨૦૨૨ના ઓરલ ઓર્ડર અન્વયે અત્રે રાખવામાં આવેલ હીયરીંગ પરત્વે અરજદારશ્રીની રજુઆત ધ્યાને લેતાં; અરજદારશ્રીની માલિકીના મોજે. ખાનપુર, બ્લોકનં.૧૭ તથા બ્લોકનં.૧૨ વાળી જમીનને એકત્રિત કરવાની તથા પૂર્વે લાગુ ૨૪.૦ મી. પરથી વધારે પહોળાઇનો એપ્રોચ આપવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવે તો તે કિસ્સામાં; સદરહું અંતિમખંડ નં.૧૧ અને ૧૫ એકત્રિત ફાળવવામાં આવે તો નીચે દર્શાવ્યા મુજબ બ્લોકનં.૧૭ વાળી જમીનમાં શકયત: સ્થળ સ્થિતિને આકાર જળવાઇ રહે છે. આમ, એકત્રીત તથા ૨૪.૦ મી. રોડથી એપ્રોચ વધારતા સ્થાનિક વાણિજય વેચાણ હેતુ માટેના અનામત અંતિમખંડ નં.૧૧૨ નું ક્ષે.૯૧૫.૦ ચો.મી. જેટલું થાય છે. તથા SEWSHના હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૦૯ ના ક્ષેત્રફળમાં વધારો થઇ નવું ક્ષેત્રફળ ૧૪૪૧૮.૦ ચો.મી. થાય છે. જયારે અંતિમખંડ નં.૧૧૦ નું ક્ષેત્રફળ ઘટી ૭૫૨૮ ચો.મી. થાય છે. તેમજ નવા આયોજનથી કાંસનું ક્ષેત્રફળ વધી ૨૧૭ ચો.મી. જેટલું થાય છે.

**અંતિમ નગર રચના યોજનાની દરખાસ્તમાં ફેરફાર દર્શાવતા નકશા નીચે મુજબ છે.**




ઉકત વિગતો ધ્યાને લઇ; નામ.હાઇકોર્ટના દાવા પ્રકરણ SCA 13003/2017 પરત્વેના તા.૨૫/૦૧/૨૦૨૨ ના ઓરલ ઓર્ડરના અનુસંધાને અરજદારશ્રીની તા.૨૪/૧૦/૨૦૨૧ ની રજુઆતો પરત્વે અંતિમ નગર રચના યોજનામાં બ્લોકનં.૧૭ અને ૧૨ વાળી જમીનને સંયુકત અંતિમખંડ નં.૧૫ ફાળવવા બાબતે અંતિમ નગર રચના યોજનાનં.૧ (ખાનપુર-સેવાસી) વેરીએશન કરવા મંજુર મળવા તથા તે પરત્વે મુખ્ય નગર નિયોજકશ્રીનો ગુજરાત શહેરી વિકાસ અને નગર રચના અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૧) હેઠળ વેરીએશન કરવા પરામર્શ મેળવવા મુદ્દો બોર્ડ બેઠકના મુદ્દો બોર્ડના સર્વે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૭૩) :</u> અરજદારશ્રીની રજુઆત ધ્યાને લઇ વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે; અંતિમ નગર રચના યોજના નં.૧ (ખાનપુર-સેવાસી) માં બ્લોકનં.૧૭, ઓ.પી.નં.૧૬, અંતિમ ખંડ નં.૧૫, બ્લોકનં.૧૨, ઓ.પી.નં.૧૧, અંતિમ ખંડ નં.૧૧, સ્થાનિક વાણિજ્ય હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૧૨ તથા SEWSHના હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૦૯, ૧૧૦ અન્વયે વેરીએશન કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૨૪): વુડા વિસ્તારમાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા જરૂરીયાત અન્વયે સી.જી.ડી.સી.આર ના વિનિયમ ૪.૭ જોગવાઇ મુજબ કમિટીની રચના કરવા બાબત.**

સવિનય જણાવવાનું કે, અમલી સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના વિનિયમ ૪.૭ મુજબ ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા ધ્યાને રાખતા બનાવવાની થતી કમીટી અન્વયેના સ્ટ્રકચર સેફટી કમિટી બનાવવા કોષ્ટક A માં દર્શાવ્યા મુજબની સભ્યોની કમિટીની રચના કરવા; વુડાની બોર્ડ બેઠકનં.૨૫૧ તા.૦૬/૦૫/૨૦૨૨ તથા બોર્ડ બેઠકનં.૨૫૪ તા.૨૦/૦૩/૨૦૨૩ માં મુદ્દો રજુ રાખતા વુડા બોર્ડ દ્વારા ઠરાવ ક્રમાંક: ૨૭૯૭ તથા ઠરાવ ક્રમાંક: ૨૮૫૦ થી "અમલી સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના વિનિયમ ૪.૭ મુજબ ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા ધ્યાને રાખતા રચવાની થતી કમીટી અન્વયે ચર્ચા વિચારણાના અંતે કોષ્ટક – B માં દર્શાવ્યા મુજબના સભ્યો તેમજ સદર કમિટીના (અનુ.નં. ૪) સ્ટક્ચરલ એક્ષપર્ટ તરીકેના સભ્ય તરીકે ડો. વિનુભાઈ આર. પટેલની નિમણુંક કરવા તથા SVNIT ના એસોસીએટ પ્રોફેસર અને સેક્શન હેડ શ્રી ડો. ગૌરાંગ વેશમાવાલાને થર્ડ પાર્ટી રીવ્યુઅર તરીકે નિમણુંક કરી કમિટી બનાવવાનું તથા તે પરત્વે ચુકવવાની થતી ફી અરજદારશ્રી/ડેવલોપર્સ પાસે વસુલવાનું નક્કી કરવામાં આવ્યું તેમજ અન્ય યુનિર્વસીટીનો સંપર્ક સાધી થર્ડ પાર્ટી રીવ્યુઅર તરીકે એમપેનલ કરવા અંગેની કાર્યવાહી કરવા સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રીને વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે."

**કોષ્ટક - A**

| The Committee shall comprise of following members | | |
|---|---|---|
| 1 | Municipal Commissioner/Chairman of the Authority | Chairman |
| 2 | Chief Executive Authority | Member |
| 3 | Head of the Fire Services of the relevant area | Member |
| 4 | Structural Expert | Member |
| 5 | Officer not below the rank of Superintendent Engineer of design cell of Road and Building Department | Member |
| 6 | Any other person decided by chairman | Member |

**કોષ્ટક - B**

| Proposed Committee members details of VUDA | | |
|---|---|---|
| 1 | Chairman of the Authority | Chairman |
| 2 | Chief Executive Authority | Member |
| 3 | Head of the Fire Services of the relevant area | Member |
| 4 | Structural Expert (Dr.Vinubhai R. Patel) | Member |
| 5 | Superintendent Engineer of Design cell of Road and Building Department | Member |
| 6 | City Engineer (VMC) | Member |
| 7 | Senior Town Planner, VUDA | Member |

સદર બાબતે વુડા કચેરી ખાતે ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની વિકાસ પરવાનગી અન્વયે રજુ થયેલ પ્રકરણે અરજદારશ્રીને અત્રેની કચેરીએ રૂબરૂ પૃચ્છા કરાવતા અરજદારશ્રી દ્વારા થર્ડ પાર્ટી રીવ્યુઅર તરીકેના સભ્ય તથા સદર સભ્યને ફી ચુકવવા બાબતે સી.જી.ડી.સી.આર.માં કોઇ જોગવાઇ ન હોઇ ફી ચુકવવા બાબતે ફેર વિચારણા કરવા સી.જી.ડી.સી.આર.ની જોગવાઇઓ મુજબની કમિટી બનાવવા માટે મૌખિક રજુઆત કરેલ છે. જે ધ્યાને લઇ અરજદારશ્રીની રજુઆત પરત્વે ઉકત કોષ્ટક “બી” મુજબના સભ્યોની કમિટી બનાવવા અંગેનો મુદ્દો બોર્ડના સર્વે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૮૭૪) : સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના વિનિયમ ૪.૭ મુજબ ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા ધ્યાને રાખતા બનાવવાની થતી કમીટી અન્વયેના સ્ટ્રકચર સેફટી કમિટી બનાવવા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે ઉકત મુદ્દામાં દર્શાવેલ કોષ્ટક B મુજબના સભ્યોની કમિટી બનાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

## અધ્યક્ષ સ્થાનેથી

મુદ્દા નં.(૦૧) :- વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના બાબત.

વુડા વિસ્તારના પુર્વ તરફના ગામોને પીવાનું પાણી પુરૂ પાડવા માટે GWSSB દ્વારા 3 MLDપાણી નીમેઠા હેડવર્કસ થી રૂ. ૪/KL મુજબ પાણી ચાર્જ લઈ આપવા મંજુરી આપેલ છે. જે પરત્વે GWSSB દ્વારા રૂ. ૩.૧૭ કરોડના ખર્ચે નેટવર્ક નાખવાની કામગીરી પૂર્ણ કર્યા બાદ GWSSBદ્વારા વુડાને તા.૨૯/૦૨/૨૦૨૦ થી સુપ્રત કરવામાં આવેલ હતું.જે ઇજારામાં ૦૩ વર્ષ માટે O & M ની કામગીરીનો સમાવેશ થયેલ હતો.આજવા રોડ અને વાઘોડિયા રોડની સોસાયટીઓમાં પાણીનો જથ્થાની વધારે જરૂરિયાત હોવાથી વધારાના 2MLD પાણી પુરૂ પાડવા માટે મંજુરી મેળવી વુડા વિસ્તારની સોસાયટીઓમાં 5 MLD પાણી પુરૂ પાડવામાં આવે છે. તેમ છતાં વુડાના વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીઓ દ્વારા પીવાનું પાણી તેઓને અનિયમિત તથા તેઓની સોસાયટીઓમાં પાણી ન આવતું હોવાની વારંવાર રજૂઆત કરવામાં આવતી હતી.

આજવા રોડ તથા વાઘોડિયા રોડ પરની સોસાયટીઓમાં હાલ વુડા દ્વારા પાણી પુરવઠા આધારિત પાણી પુરૂ પાડવામાં આવે છે. જેમાં આજવા રોડ તથા વાઘોડીયા રોડની સોસાયટીઓમાં ૦૪ ઝોન કરી પાણી પુરૂ પાડવા રૂ. ૮૧,૦૦,૦૦૦/- ની મર્યાદામાં કામગીરી કરવા માટે અગાઉ મંજુરી મળેલ છે. સદર કામગીરીનો સર્વે કરી કામગીરી શરૂ કરતા વાઘોડીયા તરફ જતા રસ્તાને સમાંતર અગાઉ મંજુર થયેલ સોસાયટીઓમાં પાણી પુરૂ પાડવા માટે નવેસરથી ૦૨ ઝોન બનાવવાની જરૂરિયાત ઉભી થયેલ છે. જે માટે પાઈપ લાઈન અને તેનું ક્રોસીંગ તથા વાલ્વ નાખવાની કામગીરી કરવા અંદાજીત રૂ. ૫૫,૦૦,૦૦૦/- નો ખર્ચ થાય તેમ છે. સદર કામગીરી કરવામાં આવે તો ૦૪ + ૦૨ ઝોન મળી કુલ ૦૬ ઝોન સંપુર્ણ રીતે કાર્યરત થાય તો અગાઉ મંજુર થયેલ ૬૩ સોસાયટીઓમાં યોગ્ય રીતે પાણી પુરૂ પાડી શકાય તેમ છે. આથી ઉક્ત જણાવેલ વધારાના ખર્ચની મંજુરી મેળવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય માટે સર્વ સભ્યશ્રીઓ સમક્ષ વિસ્તૃત ચર્ચા વિચારણા થતા રોડની પહોળાઈમાં વધારો કરવાને કારણે તેમજ વાઘોડિયા તરફ જતા રોડની આજુ-બાજુની બન્ને સાઈડની સોસાયટીઓમાં ઝોનીંગ તથા રીપેરીંગની કામગીરી દરમ્યાન અલગ-અલગ ડાયા મીટરની પાઈપ લાઈન, વધારાના વાલ્વ અને રાજય ધોરીમાર્ગના ક્રોસીંગ માટે પુસીંગની કામગીરી માટે અગાઉ મંજુર થયેલ અંદાજીત ખર્ચ રૂ. ૮૧,૦૦,૦૦૦/- ઉપરાંત બીજો વધારાનો અંદાજીત રૂ. ૫૫,૦૦,૦૦૦/- જેટલો ખર્ચ થઈ શકે તેમ છે. સદર સોસાયટીઓમાં પાણી પહોચાડવું અતિઆવશ્યક હોય, આથી O & M ની કામગીરી કરતા ઈજારદારશ્રી પાસે કરાવવાના નિર્ણયને સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૭૫) :</u> વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજનામાં નવીન પાઈપ લાઈન નાખવાની કામગીરી, ક્રોસીંગ માટે પુસીંગની વધારાની કામગીરી અને વધારાના વાલ્વ નાખવાની કામગીરી કરવા અંદાજીત થનાર વધારાનો ખર્ચ રૂ. ૫૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંચાવન લાખ પુરા) ને મંજુર કરવામાં આવ્યો તેમજ સોસાયટીઓમાં પાણી પહોંચાડવાની કામગીરી અતિઆવશ્યક હોવાને કારણે સદર કામગીરી ટેન્ડર પ્રક્રિયાથી નક્કી થયેલ હયાત ઈજારદારશ્રી પાસે જ કરાવવાની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.